

Celebrating 50 Years of Spirituality
ઘનશ્યામ

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ જાન્યુઆરી, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૧

# અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું...













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧) ગોધર ખાતે પધરામણીમાં લાભ (૨) વિદેશમાં વસતા હરિભક્ત સમાજને દર્શન-આશીર્વાદનો લાભ (૩-૪) ઠાકોરજીને થાળ ધરાવી પ્રેમલક્ષણા ભક્તિ અદા કરતા વ્હાલા ગુરુજી (૫-૬) દિવ્ય સાંનિધ્ય શિબિર (૭-૮) ABS તથા પ્રિ-મુમુક્ષુ કેમ્પમાં દિવ્ય લાભ

# પ્રાપ્તિથી સ્થિતિ પ્રયાણક પ્રાર્થના

અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩)
હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે, કૃપા કરો નિરુત્થાનપણું થાવે;
જગ સુખભોક્તા જીવ નથી હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩) ... ૦૧
સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું, જોયા જાણવા જેવા આપ જ પ્રમાણું;
આપ ને મોટામાં પ્રીતિ કરું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩) ... ૦૨
દેહ નથી હું દેહના ભાવો જ કેવા, દેખાવામાત્ર જાણી છોડી દેવા જેવા;
અવરભાવ માત્ર અનિત્ય ગણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩) ... ૦૩
શુદ્ધ ચૈતન્ય મને મૂર્તિરૂપ કીધો, મૂર્તિમાન કરીને મૂર્તિમાં લીધો;
રસબસભાવે સુખભોક્તા જ છું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩) ... ૦૪
પ્રતિલોમ પધારી બિરદ પૂર્ણ કરો, કર્તા બની મુને સુખથી જ ભરો;
સૌ સંતો ભક્તોને દિવ્ય જાણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩) ... ૦૫


ઘનશ્યામ

૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૧

GHANSHYAM

10 January, 2025 • Year : 50 • Edition : 01


**અનુક્રમણિકા...**


૦૪ અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...

૦૬ હે નાથ પ્રાર્થના કરું...

૦૯ સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું...

૧૨ દેહ નથી હું દેહના ભાવો જ કેવા ?

૧૫ શુદ્ધ ચૈતન્ય મને મૂર્તિરૂપ કીધો

૧૮ પ્રતિલોમ પધારી બિરદ પૂર્ણ કરો



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું...

આ પ્રાર્થના કોઈ સાધારણ કે સામાન્ય પ્રાર્થના નથી પણ અસાધારણ થવા માટે અસામાન્ય પ્રાર્થના છે. આ પ્રાર્થનાના એક એક શબ્દ ને એક એક પંક્તિ દેહાતીત કરનાર છે, જન્મોજન્મના અસત્ય-અજ્ઞાનયુક્ત નિરુત્થાપણામાંથી સત્ય-અનુભવજ્ઞાનયુક્ત નિરુત્થાનપણા સુધી પહોંચાડનાર છે. આ પ્રાર્થનામાં કારણ સત્સંગનો સિલેબસ છે. આ પ્રાર્થના એક કારણ સત્સંગી માટે પોતાની કારણભૂમિકાનું પ્રતિનિધિત્વ કરનારી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રાદુર્ભાવથી લઈ અદ્યાપિ આવી સર્વોત્કૃષ્ટ પ્રાર્થના આવી નથી. જે ગુરુજીએ એસ.એમ.વી.એસ.ના સમાજ ને મુમુક્ષુ પર કેવળ કરુણા કરીને આપી છે. ગુરુજીએ એમના જેવા કરવાની નેમ સાવ સરળ રીતે સિદ્ધ થાય તે માટે આ પ્રાર્થના આપી સમગ્ર અધ્યાત્મ માર્ગના પંથીઓને કૃપા-કરુણાના મહાસાગરમાં ડુબાડ્યા છે.

"ભલે સમજાય કે ન સમજાય પણ આ પ્રાર્થના દ્વારા મહારાજ બધું સમજાવી દેશે. શીરાની પેઠે ગટ દઈ ઉતારી દઈ પાત્રતા વધારી દેશે. અહોહોપણું કરાવી દેશે. સુખિયા કરી દેશે. આ પ્રાર્થના કસવાળો માલ છે. જેમ ઢોર આખા ને આખા દાણા ખાઈ જાય ને પાછા આખા ને આખા દાણા નીકળી જાય તોપણ એનો કસ રહી જાય તેમ આ પ્રાર્થના કરવાથી એનો કસ રહી જશે." ગુરુજીના આ આશીર્વાદ આ પ્રાર્થનાનો મહિમા વર્ણવે છે.

'અનાદિમુક્ત હરિ...' આ પ્રાર્થનાની પંક્તિ એ માત્ર પંક્તિ નથી પણ આ પંક્તિમાં મહારાજના પ્રાગટ્યનો, મોટાપુરુષના પ્રાગટ્યનો અને આપણા પ્રાગટ્યનો હેતુ સમાયેલો છે. મહારાજ ને મોટાપુરુષ અનેક મુમુક્ષુઓને પોતાની ઉપાસના દૃઢ કરાવી, અનાદિની સ્થિતિ કરાવવા જ પ્રગટ્યા છે, દેખાયા છે. જ્યારે આપણને મહારાજ પોતાના જેવા કરવા આ સત્સંગમાં લાવ્યા છે.

શ્રીજીમહારાજે પંચાળાના ૧લા વચનામૃતમાં કહ્યું છે, "જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે." તેમ મોટાપુરુષ આ બ્રહ્માંડમાં બિરાજતા હોય ત્યારે તેમના મુખમાંથી સરતાં વચનો, તેમની રચેલી કૃતિઓ તથા તેમના જીવનસંદેશ પરથી તેમના પરભાવી વ્યક્તિત્વનો, પરભાવી અજબના સામર્થ્યનો સૌ કોઈને અહેસાસ થાય છે. માત્ર સત્સંગીને જ નહિ, બિનસત્સંગી તથા ઇતર સંપ્રદાયના અનુયાયીઓને પણ તેનો અહેસાસ થઈ રહ્યો છે. સહસા જ તેમના મુખમાંથી શબ્દો સરી પડે છે કે, "આ પ્રાર્થના એ કોઈ દેહધારી પુરુષનું સર્જન નથી. અલૌકિક, ઓલિયાપુરુષની સર્જના છે."

તા. ૨-૧૨-૨૦૨૪ના રોજ ઘનશ્યામભાઈ ઝીણાભાઈ સોની પોતાની ઑફિસે પહોંચ્યા. ઇતર સંપ્રદાયના ત્રણ સાધ્વીજીઓ તેમની ઑફિસની સામેના સોનોગ્રાફી સેન્ટરમાં આવ્યાં હતાં. રિપોર્ટ મેળવવામાં થોડો સમય લાગે તેમ હતું તેથી સાધ્વીજીઓએ ઘનશ્યામભાઈને વિનંતી કરી કે, "આપની ઑફિસમાં થોડી વાર બેસવા દેશો ?" ઘનશ્યામભાઈએ ભાવથી આવકાર આપી તેઓને બેસાડ્યાં. જ્ઞાનસત્ર-૧૮માં ગુરુજીએ આપેલ લાભ અંગે તેઓને વાત કરી. તેઓ સાંભળી રાજી થયાં. ઘનશ્યામભાઈએ ગુરુજી રચિત નૂતન પ્રાર્થના ચાલુ કરી પ્રાર્થના કરી. સાધ્વીજીઓ પ્રાર્થના સાંભળતાં જ અતિ પ્રભાવિત થઈ ગયાં. તેઓએ ગુરુજીની મૂર્તિ સમક્ષ આંગળી કરી અહોભાવ સાથે કહ્યું, "આપના ગુરુજી ખરેખર ઓલિયાપુરુષ છે. તેમની દિવ્યતા અને પ્રભાવ જ કંઈક જુદો છે. પ્રાર્થના સાંભળતાં અને સમજતાં મને એમ થાય છે કે 'આ પ્રાર્થના એ કોઈ દેહધારી પુરુષનું સર્જન નથી. અલૌકિક, ઓલિયાપુરુષની સર્જના છે.' તમારા ગુરુજીને પ્રાર્થના કરી અમારી અરજ પહોંચાડશો કે તેઓ જે સુખનો અનુભવ કરે છે તેવો અમને કરાવે."

મહારાજની કૃપાએ મુમુક્ષુ એવા ઇતર સંપ્રદાયના ત્રણ સાધ્વીજીઓને ગુરુજીના માત્ર શબ્દોએ સત્પુરુષપણાની અનુભૂતિ કરાવી. ગુરુજી દ્વારા રચાયેલ આ પ્રાર્થના માત્ર શબ્દો કે પ્રાસથી રચાયેલ કોઈ સાહિત્ય સ્વરૂપ નથી પણ આ તો કરુણાહેલી છે. મુમુક્ષુના સ્થાને બેસી, એમની અવરભાવની ભૂમિકાને જોઈ તેમજ એમની અનાદિ પીડા હરવા ગુરુજીએ છેલ્લો ઉપાય આ પ્રાર્થનાના માધ્યમથી આપ્યો છે.

પ્રાર્થના પ્રભુ સાથેનો અનુપમ સંવાદ છે પણ આ પ્રાર્થનામાં મુમુક્ષુ પ્રભુ સાથે, મોટાપુરુષ સાથે અને સ્વ સાથે સંવાદ એટલે આત્મસંવાદ કરે છે : "હે મહારાજ ! હું આપનો અનાદિમુક્ત છું; હે મોટાપુરુષ ! હું અનાદિમુક્ત જ છું; હું કોણ છું ? તો, હું દેહ નથી પણ અનાદિમુક્ત જ છું." આ ત્રિવેણી સંવાદ જ મુમુક્ષુને સ્વ-સ્વરૂપની દૃઢતા કરાવે છે.

"આ પ્રાર્થના દેહાતીત છે. કેફ અને મસ્તીવાળી પ્રાર્થના છે. આ પ્રાર્થના જેટલી આત્મભૂમિકામાં રહીને; ચૈતન્યભૂમિકામાં રહીને; મૂર્તિભાવમાં રહીને તેમજ ક્લૅરિટી રાખીને થશે તેટલી વધુ ને વધુ સુખ, આનંદ ને મસ્તી આપશે. આ પ્રાર્થના નિરુત્થાનપણા સુધી પહોંચાડી દેશે." ગુરુજીના આ પ્રાર્થના વિષેના આશીર્વાદ આપણને આ પ્રાર્થનાની મહત્તા સમજાવે છે.

"અનાદિમુક્ત હરિ..." આ પંક્તિ પ્રાર્થનાની ધ્રુવ પંક્તિ છે. આ પંક્તિ પ્રાર્થનાના દરેક અંતરાને પુષ્ટિ આપનાર છે. સાથે આ પંક્તિ અધ્યાત્મ જીવન જીવવાની પણ ધ્રુવ પંક્તિ છે. માટે ગુરુજી કહેતા હોય છે કે, "આ પંક્તિને જીવન

બનાવી દો. એને વારંવાર ઘૂંટો.” આ પંક્તિમાં પરભાવ દૃઢ કરવા માટેનું ઉત્તમ ઓસડ છે. આ પંક્તિના શબ્દો અવરભાવ ને પરભાવનો જુદારો તથા પરભાવમાં જ છું એનું નિરુત્થાનપણું કરાવે છે.

આ પંક્તિમાં ગુરુજીએ બે મુદ્દા આપ્યા છે :

(૧) હું અનાદિમુક્ત જ છું અર્થાત્ હું દેહ નહિ, માયિક આત્મા નહિ પણ શુદ્ધ ચૈતન્યને પુરુષોત્તમરૂપ કર્યો છે.

(૨) હું હરિની મૂર્તિમાં જ છું અર્થાત્ ઘરમાં, ઑફિસમાં કે બ્રહ્માંડમાં ક્યાંય નથી. હું અનાદિકાળથી અનાદિમુક્ત જ છું, મૂર્તિમાં જ છું. એના અનુરટણથી જ અવરભાવ પરભાવમાં પરિણમે છે.

આ પંક્તિ જ્યારે ખરેખર હેતુસભર બોલાય ત્યારે આંતર જીવનમાં કેટલીક પ્રોસીજર થવી જોઈએ. આ વાત સમજાવતાં ગુરુજીએ કહ્યું હતું કે, “મોંમાં કોળિયો મૂકી ચાવ્યા બાદની તમામ પ્રોસીજર આપમેળે–ઓટોમૅટિક થાય છે. જેવી કે, ખોરાકમાં ટાઇલીન રસ ભળવો, અન્નનળીમાંથી ખોરાક નીચે ઊતરવો, જઠરમાં પાચકરસ બનવા, નાના આંતરડામાં પાચન થવું, મોટા આંતરડા દ્વારા નિકાલ થવો વગેરે... આવી રીતે આ પ્રથમ પંક્તિ બોલતાંની સાથે જ દેહ છૂટી જવો, આત્મભૂમિકા પકડાઇ જવી, મૂર્તિરૂપ દિવ્ય સાકાર જ છું, મહારાજ જ છે એ ભાવ આવી જવો અને અકર્તા બની મહારાજને કર્તા કરવા જેવી પાંચ પ્રોસીજર થવી જ જોઈએ.” આવો, એ પ્રોસીજરને વિગતે સમજીએ.

(૧) દેહ છૂટી જવો જોઈએ

‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...’ આ પંક્તિ દેહભૂમિકાએ ન બોલવી. કારણ કે દેહધારી આ પંક્તિ હજાર વાર બોલે તોયે એને રિઝલ્ટ ન મળે. માટે પ્રથમ દેહથી જુદા પડવું. ‘હું દેહ નથી.’ દેહ નથી એટલે દેહના ભાવો પણ મારે વિષે નથી. દેહની નાત એ મારી નથી. દેહનો દેખાવ મારો નથી. હું કોઈનો સગો નથી. કોઈ જાતની મારે ઉપાધિ નથી. દેહ નથી, દોષ નથી, પિંડ નથી, બ્રહ્માંડ નથી ને દેહભાવનો લેશ નથી. ટૂંકમાં, આ પંક્તિ બોલતાં દેહરૂપી કોથળો, box છૂટી જવું જોઈએ. દેહ દેખાય, દોષો દેખાય તોપણ નિરંતર જાગૃતિમાં રહેવું કે હું દેહ નથી. એ દેખાવામાત્ર છે, અનિત્ય છે; દોષો મારા નથી. આમ, દેહભાવની પુષ્ટિ બંધ થશે તો તમામ પ્રશ્નો, મૂંઝવણ, ઉપાધિ સૉલ્વ થઈ જશે. આ પ્રૅક્ટિસ નિરંતર રહેવી જોઈએ.

(૨) આત્મભૂમિકા પકડી લેવી

હું દેહ નથી એની પ્રૅક્ટિસ સાથે પ્રાથમિક ભૂમિકાએ હવે હું કોણ છું ? એ સ્ટેપ પર જવું. દેહ નથી તો હું કોણ છું ? તો, હું શુદ્ધ આત્મા છું. શુદ્ધ આત્માને વિષે એક પણ કુલક્ષણ નથી. એ તો દેહના સંગે મૂર્ખાઈએ કરીને પોતાના માની લીધા છે. પણ એ તો સત્તાવનના ટોળાથી સાવ જુદો ને ભિન્ન છે. દેહથી અત્યંત નિરાળો છે. દેહ નાશવંત છે તો હું (આત્મા) અવિનાશી છું. દેહ દુ:ખરૂપ છે તો હું આનંદરૂપ છું. દેહનું કંઈ જ મારે વિષે નથી. ટૂંકમાં, સત્તાવનના ટોળાથી સાવ ભિન્ન–નોખો હું શુદ્ધ આત્મા જ છું એવું પ્રાથમિક નિરુત્થાનપણું કરવું.

(અનુસંધાન પેજ નં. ૨૫ ઉપર)



# હે નાથ પ્રાર્થના કરું...

"હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે, કૃપા કરો નિરુત્થાનપણું થાવે;
જગસુખભોક્તા જીવ નથી હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું."

**પંક્તિ સમજૂતી :**

અનાદિમુક્તની સ્થિતિના લક્ષ્યથી ચાલતા મુમુક્ષુ માટેની આ અદ્‌ભુત પંક્તિ છે. મહારાજે ગુરુજી દ્વારા આ પંક્તિમાં બે મહત્ત્વના મુદ્દા આપણને આપ્યા છે : (૧) પ્રાર્થનાની રીત, (૨) અનાદિની સ્થિતિ માટે યત્નશીલ મુમુક્ષુની માગણી શું અને કેવી હોવી જોઈએ ?

પ્રાર્થનાની રીત કેવી હોવી જોઈએ ? તો પ્રાર્થના એ માત્ર મુખેથી બોલાયેલ શબ્દો નથી, અંતરમાંથી આર્તનાદે કરેલ યાચના છે. આ યાચના ત્યારે જ પ્રભુ સુધી પહોંચે જ્યારે પ્રાર્થનામાં દિવ્યભાવ ભળે. જો મહારાજ મનુષ્ય જેવા હતા ને આજે પ્રતિમા જેવા છે એવું સમજાય તો એ માયિકભાવ કહેવાય. એથી આગળ હું પ્રાર્થના કરું છું પણ મહારાજ મારી પ્રાર્થના સાંભળતા જ નથી. આ પણ માયિકભાવ જ છે. મહારાજ સદાય પ્રગટ જ છે, સદાય પ્રત્યક્ષ જ છે. મારી પ્રાર્થનાને સાંભળે જ છે. આવા દૃઢ વિશ્વાસથી પ્રાર્થના થાય તેને દિવ્યભાવથી પ્રાર્થના થઈ કહેવાય.

બીજું, સ્થિતિના યાચક મુમુક્ષુએ મહારાજ પાસે આ લોકની માગણી ન કરતાં નિરુત્થાનપણાની માગણી કરવી જોઈએ. નિરુત્થાનપણું એટલે નહિ ઉત્થાન, નક્કી નક્કોર નિશ્ચય. આમ એટલે આમ જ. સત્સંગમાં આવીને આપણે પાંચ સ્વરૂપનું નિરુત્થાનપણું કરવાનું છે. મહારાજના સ્વરૂપનું, મોટાપુરુષના સ્વરૂપનું, સંતો-ભક્તોના સ્વરૂપનું, પોતાના સ્વરૂપનું અને સ્થળ-સ્થાનનું. આ પાંચેય સ્વરૂપના નિરુત્થાનપણાના પાયામાં છે પોતાના સ્વરૂપનું નિરુત્થાનપણું. વ્હાલા ગુરુજી કાયમ જણાવતા હોય છે કે, "જેવાં ચશ્માં પહેર્યાં હોય તેવું દેખાય. લાલ ચશ્માંવાળાને બધું લાલ દેખાય અને પીળાં ચશ્માંવાળાને બધું પીળું દેખાય. માટે દરેક વસ્તુનો વાસ્તવિક રંગ-દેખાવ જોવા માટે બીજા પ્રયત્નોની જરૂર જ નથી; માત્ર ચશ્માં કાઢવાનાં છે." તેમ બાકીના ચારેય સ્વરૂપનું નિરુત્થાનપણું ત્યારે જ થાય જ્યારે પોતાના સ્વરૂપનું નિરુત્થાનપણું થાય. માટે અહીં મહારાજને પોતાના સ્વરૂપના નિરુત્થાનપણા માટે પ્રાર્થના કરી છે કે, 'હે મહારાજ ! હું જગતનો જીવ નથી, દેહથી નોખો આત્મા અનાદિમુક્ત જ છું તેવું નિરુત્થાનપણું થાય તેવી દયા કરો.' પંક્તિનો અર્થ સમજ્યા બાદ આવો આ પંક્તિ આધારિત મહાપ્રભુને કગરી એમની કૃપાની યાચના કરીએ.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે કરુણાસાગર, હું આપને ખરા ભાવથી પ્રાર્થું છું. આપ તથા આપના દિવ્ય સત્પુરુષને પિછાનીને પ્રાર્થું છું. આપની આગળ શું મગાય ? શું ન મગાય ? એવા વિવેકથી પ્રાર્થું છું. હે નાથ, દેહ ને દેહના ભાવોથી સંપૂર્ણ પર ઊઠી ચૈતન્યભૂમિકાએ આપને પ્રાર્થના કરું છું કે,

"કૃપા કરો નિરુત્થાનપણું થાવે..."



હે મહારાજ, નિરુત્થાનપણું એટલે નહિ ઉત્થાન. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થામાં તે વાતની દૃઢતા. જે વાતને કદી કોઈ ફેરવી ન શકે, પોતાનું મન પણ નહીં. ૧+૧=૨ જેવી દૃઢતા તેને કહેવાય નિરુત્થાનપણું. હે કરુણાસાગર, આપના દિવ્ય ચરણોમાં સૌપ્રથમ પ્રાર્થું છું કે, મને પાંચેય સ્વરૂપને વિષે પરભાવનું નિરુત્થાનપણું કરાવો. સત્સંગમાં આવ્યા પછી જપ, તપ, વ્રત, સાધન, ધ્યાન, માળા આદિક સ્થિતિ પામવાનાં ઉપકરણો છે, માધ્યમો છે. જ્યારે પરભાવનું નિરુત્થાનપણું એ જ પૂર્ણવિરામ છે. એ જ કારણ સત્સંગી તરીકે મારું લક્ષ્ય છે. જો મને પાંચેય સ્વરૂપને વિષે પરભાવનું નિરુત્થાનપણું થઈ ગયું તો મારું આવાગમન બંધ થઈ ગયું, મૂર્તિસુખમાં રમમાણ કરવાનું ટાણું આવી ગયું.



દયાળુ, હવે મને સમજાય છે કે, ચાર ચાર જન્મથી હું કેમ ફરતો આવ્યો છું ? મહારાજ, આપે મને પહેલી જ વખતમાં અનાદિમુક્તની પદવીના કોલ આપી દીધા છતાં રિપિટ થયો ! બીજી વખત લાવ્યા ત્યારે બાપાશ્રીએ તો અનાદિમુક્તની સ્થિતિ પમાડવાની રેલમછેલ કરી હતી છતાં હું એ વખતે કોરો રહી ગયો !! સદ્‌ગુરુશ્રીઓ વખતે આપે મને ફરી મોકલ્યો તોય મારું કામ પૂરું ન થયું ! આ ચોથી વખતમાં મને ગુરુદેવ બાપજી અને ગુરુજી સ્વામીશ્રીના જોગમાં લાવી દીધો. આ ચાર ચાર વખતના રિપિટેશનનું કારણ બીજું કાંઈ નથી પણ આ જ છે – ‘પરભાવના નિરુત્થાનપણાનો અભાવ.’

દયાળુ, મને નિરુત્થાનપણું થઈ ગયું છે પણ અવરભાવનું, અવાસ્તવિકતાનું. અનાદિકાળથી મને જ્યાં જ્યાં જન્મ મળ્યો ત્યાં દેહને પોતાનું સ્વરૂપ માન્યું છે, દેહના સંબંધોને પોતાના માની લીધા છે. હું મહેશ, હું રાજકોટ નિવાસી, હું બ્રાહ્મણ, હું બાબુલાલનો દીકરો. હે મહારાજ ! આ અવરભાવી નિરુત્થાનપણાએ જ તો મને જન્મો ધરાવ્યા છે.

વાસ્તવિકતાએ દયાળુ, આપ મળ્યા, આપના સત્પુરુષ મળ્યા ત્યારથી મને દેહધારી જગતનો જીવ રહેવા દીધો નથી. દેહથી તદ્દન વિરક્ત એવો હું શુદ્ધ ચૈતન્ય, મને અનાદિમુક્ત-પુરુષોત્તમરૂપ કરી દીધો. આપની મૂર્તિમાં રાખી લીધો. અનાદિમુક્તની સર્વોત્તમ પદવી પામી હું આ લોકનાં ગાડી, બંગલા, વસ્ત્રો, અલંકારો, પંચવિષય, માન-મોટ્યપમાં લલચાઈ જઉં કે લોભાઈ જઉં તો આપ કેટલા દુઃખી થાવ !! દયાળુ, દયા કરો મહારાજ ! મને મારા સ્વરૂપનું, અનાદિમુક્તના પદનું નિરુત્થાનપણું કરાવો દયાળુ.



હે દયાળુ, આપ ભલે મને દેખાવ છો પ્રતિમા જેવા પણ વાસ્તવિકતાએ આપ પ્રગટ અને પ્રત્યક્ષ જ છો. હે મહાપ્રભુ ! આપના સ્વરૂપનો પ્રત્યક્ષપણે નિશ્ચય રહે એવું નિરુત્થાનપણું કરાવો. હે વ્હાલા ! આપે આ એસ.એમ.વી.એસ. પરિવારને, સમગ્ર સંપ્રદાયને, ખાસ કરીને મને આપેલી સત્પુરુષરૂપી અણમોલ ભેટ એટલે જ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. આ બંને સ્વરૂપો સંપૂર્ણ પરભાવી છે. ભલે આ ચર્મચક્ષુએ દેખાય મનુષ્ય જેવા પણ મનુષ્ય જેવા નથી જ. મને આપના ગમતાપાત્ર કરવા મારા દુન્યવી પંચવિષયનું ખંડન કરે, રોકેટોકે છતાંય હું આ બંને દિવ્યપુરુષોને વિષે સંપૂર્ણ નિ:સંશય રહું, મને તેઓના પરભાવી સ્વરૂપનું નિરુત્થાનપણું વર્તે, તેમની પ્રાપ્તિનો અહોભાવ નિરંતર વર્તે એવી કૃપા વહાવો.

હે મહારાજ, સાચું કહું તો હું સૌથી વધુ નાપાસ થઉં છું આપના સંતો-ભક્તોના સ્વરૂપને દિવ્ય સમજવામાં. પણ મારે એટલું તો સમજવું જોઈએ કે જેમ આપે મને અનાદિના કોલ આપ્યા છે તેમ સંતો-ભક્તોને પણ કોલ આપ્યા છે. તેઓ પણ અનાદિમુક્તો જ છે. આવું જ્ઞાન હોવા છતાં તેમની અવરભાવી રીત-રસમ કે સ્વભાવ જોઈ, મને અનુકૂળ ન આવતાં તેમનાં વાણી-વર્તન જોઈ તેમનામાં માનુષી સંકલ્પો કરી બેસું છું. અનાદિમુક્ત આવા હોય ? તેવો વિચાર કરી આપના આપેલા પ્રમાણપત્રને ફાડી નાખું છું. અન્ય આગળ અભાવ-અવગુણની ચર્ચા કરી પાપનાં ગાંસડાં બાંધી લઉં છું. દયાળુ, ખૂબ દયા વહાવો. આ બધા સંતો-ભક્તો રાજાધિરાજ એવા આપના રાજવી પાટલીકુંવરો છે, દિવ્ય અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે આવું પરભાવી નિરુત્થાનપણું કરાવો દયાળુ.

હે રાજાધિરાજ, આપના સંબંધમાં આવેલ વસ્તુ-પદાર્થ કે સ્થળ-સ્થાન સર્વે પ્રસાદીરૂપ દિવ્ય છે. તેમને વિષે પણ અવરભાવ ન પરઠાય એવી દયા કરો. હે દયાસાગર, મને આજ સુધી એક મૂંઝવણ નિરંતર સતાવ્યા કરતી કે આ આખોય માર્ગ આપની તથા આપના સત્પુરુષની કૃપાને જ આભારી છે. અર્થાત્ જીવ પોતાની રીતે કોટિ જન્મેય ઉપરનું એક પગથિયું ચઢવા અસમર્થ છે તો અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધી જ કેવી રીતે શકે ?? આપે કેવળ કૃપા કરી અનાદિમુક્તના કોલ આપ્યા તો હવે અનાદિમુક્તના ભાવે વર્તાવું એ પણ આપની કૃપાને જ આભારી છે ને !! આમાં મારો પુરુષપ્રયત્ન શા કામનો ??

પણ આપની કૃપાએ મને સુપેરે સમજાય છે કે કોટિ જન્મે ને કોટિ સાધને પણ આપની, આપના સત્પુરુષની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે જે મને આપની કૃપાએ સહજમાં થઈ ગઈ છે. વળી, વિના પાત્રતાએ મને અનાદિમુક્તની પદવીના કોલ મળી ગયા છે. પણ આપની કૃપા ચૈતન્યભૂમિકાને આભારી છે. જેમ પારસ લોખંડને સ્પર્શી સોનું બનાવે; કાગળના આવરણ સોતા લોખંડને નહીં. તેમ ભલે મને અનાદિમુક્તના કોલ આપી દીધા છતાંય જ્યાં સુધી દેહ ને દેહના ભાવોમાં હું રાચ્યા કરીશ ત્યાં સુધી આપની કૃપા મારી પાછળ પાછળ ફર્યા કરે છે પણ મને ફળતી નથી. એટલે જ તો હું આજ સુધી આંટા માર્યા કરું છું.

દયાળુ, આપે અનેક વચનામૃતમાં વારંવાર આ વાત સમજાવી છે તથા ગુરુજી પણ સ્પષ્ટપણે કહેતા હોય છે કે, આત્માથી દેહને નોખો પાડી, પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખવો તે પરમાત્મા એવા આપની તથા મોટાપુરુષની કૃપાના ક્ષેત્રમાં આવે. જ્યારે આવા આશીર્વાદ મળ્યા પછી એક મુમુક્ષુ તરીકે બસ હવે આપના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી હું દેહ છું જ નહિ, જગતનો જીવ છું જ નહીં. હું શુદ્ધ ચૈતન્ય છું, અનાદિમુક્ત છું, પુરુષોત્તમરૂપ છું, શ્રીહરિની મૂર્તિમાં જ છું. આ જાગૃતિમાં વર્તી દેહ અને દેહના ભાવોથી અલિપ્ત રહેવું તે મારા દાયરામાં આવે છે. આપે તો કૃપા કરવામાં કાંઈ મણા રાખી નથી. બસ ખૂટે છે મારી જાગૃતિનો અભાવ જ. હે મહારાજ ! સૌપ્રથમ મને મારા સ્વરૂપનું નિરુત્થાનપણું કરાવો. એના અભાવે હું ચારેય સ્વરૂપમાં નાપાસ થઉં છું. હે દયાળુ, હે ગુરુજી, હવે નિરુત્થાનપણાના માર્ગે આગળ વધવા મારે આટલું કરવું જ છે :

(૧) દિવસમાં પાંચ વખત નિમગ્નપણાની પ્રૅક્ટિસ કરીશ.

(૨) સર્વે સંતો-હરિભક્તોના અવરભાવના ભાવો છોડી દિવ્યભાવે દર્શન કરીશ.

(૩) ઘરના સભ્યો ઠાકોરજી જમાડતા હોય ત્યારે મહારાજનાં સ્વરૂપો જમાડી રહ્યાં છે તે ભાવે દંડવત-દર્શન કરીશ.

(૪) સંતો-હરિભક્તો સાથે સેવાકીય કે અન્ય વ્યવહાર કરવાના થાય તો મહારાજના ભાવે વ્યવહાર કરીશ જેથી અહમ્-મમત્વ ન થાય.

બસ દયાળુ, મારા અંતરની આરજૂ છે કે... આ વખતનો આપનો પ્રબળ સંકલ્પ પરભાવી નિરુત્થાનપણું કરાવવાનો છે. આ સંકલ્પને હું સ્વજીવનમાં સંપૂર્ણ સાકાર સ્વરૂપ આપી શકું એવી કૃપા કરો દયાળુ.



# સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું...

"સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું, જોયા જાણવા જેવા આપ જ પ્રમાણું;
આપ ને મોટામાં પ્રીતિ કરું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું."

**પંક્તિ સમજૂતી**

કારણ સત્સંગમાં આવ્યા બાદ દરેક મુમુક્ષુને જ્યારે નિરુત્થાનપણાના માર્ગે ડગ માંડવાં હોય ત્યારે તેની પાયાની જરૂરિયાત કઈ હોય શકે ? જે શ્રીહરિએ ગુરુજી દ્વારા આ પંક્તિમાં જણાવ્યું છે.

"સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું..."

અનાદિકાળથી જે ખોટું છે તેનું નિરુત્થાનપણું થઈ ગયું છે. તે માની લીધેલા સાચાને ખોટું કરવા સાંખ્યજ્ઞાન એ પૂર્વશરત છે.

સાંખ્ય એટલે વિવેકની આંખ,
સાંખ્ય એટલે સમજણની આંખ,
સાંખ્ય એટલે વાસ્તવિકતાને જોવાની આંખ,
સાંખ્ય એટલે પરિમાણ ને પરિણામને પારખવાની આંખ,
સાંખ્ય એટલે જ્ઞાનની આંખ.

પરભાવી નિરુત્થાનપણાના માર્ગે ગતિશીલ થવા સાંખ્યજ્ઞાનની શું જરૂર ? આપણો કારણ સત્સંગી તરીકેનો ધ્યેય મહારાજની મૂર્તિનું સુખ પામવાનો છે પરંતુ અવરભાવના નિરુત્થાપણાએ કરીને જગતના જીવની જેમ આ લોકનાં નાશવંત વસ્તુ-પદાર્થ તથા સ્થળો જોવામાં જ આપણું સમગ્ર જીવન વ્યતીત થઈ જાય છે. જે આપણી મૂર્તિસુખની યાત્રા લાંબી કરે છે. સાંખ્યજ્ઞાને કરીને અવરભાવમાત્રને નાશવંત સમજી, એ જોવા-જાણવામાંથી પાછી વૃત્તિ કરીએ. આમ, સાંખ્યજ્ઞાનની દૃઢતાથી અવરભાવમાત્રથી પ્રીતિ તૂટે અને પછી મહારાજ અને મોટામાં યથાર્થ પ્રીતિ થાય. માટે ગુરુજીએ પરભાવી નિરુત્થાનપણાના પાયાની બાબત તરીકે સાંખ્યજ્ઞાનને ગણાવી આ પરભાવી પ્રાર્થનામાં સ્થાન આપ્યું છે. હવે એક મુમુક્ષુ તરીકે સાંખ્યજ્ઞાનની યથાર્થ દૃઢતા માટે મહારાજને કેવી અને શું પ્રાર્થના કરવી જોઈએ તે આગળ નિહાળીએ.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે દયાસાગર, મારી વર્તમાન સ્થિતિ કેટલી વિપરીત છે !! જેમ શાળામાં ભણતા કોઈ પણ વિદ્યાર્થીને પૂછવામાં આવે કે તારે કયા નંબરે પાસ થવું છે ? તો કહેશે પહેલા નંબરે જ. ભલે ને ચડાવ પાસ થતો હોય. બસ, એવું જ કંઈક મારા જીવનમાં છે. કરવું છે મારે પરભાવી નિરુત્થાનપણું પણ હજુ અવરભાવમાં જ ગડમથલ કર્યા કરું છું.

અવરભાવના નામનું, ગામનું, દેહના સંબંધોનું નક્કોરપણે નિરુત્થાનપણું થઈ ગયું છે. પરિણામે મને જોવા-જાણવાના, ખાવા-પીવાના, હરવા-ફરવાના અભરખા મટતા નથી. એમાં જ મારું જીવન પાણીના પ્રવાહની જેમ વ્યતીત થઈ જાય છે. આ અવરભાવમાત્રથી પાછા વળવાની શ્રેષ્ઠ ચાવી દયાળુ, આપે મને આપી દીધી.

‘સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું...’

આ અવરભાવમાત્રથી પાછી વૃત્તિ કરવા તથા નિરુત્થાનપણાના માર્ગે આગળ વધવા પાયાની જરૂરિયાત છે સાંખ્યજ્ઞાન. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, “સાંખ્યવિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો, તે સાંખ્ય વિના તો અડધો સત્સંગ કહેવાય, ને સાંખ્ય વિના સુખ થાય નહિ, ને સાંખ્ય છે તે તો આંખ છે. તે આંખે કરીને સર્વે વાસ્તવિકતાનું દર્શન થાય છે.”

હે દયાળુ, વાસ્તવિકતાએ આ દેહ, દેહના સંબંધો, સંપત્તિ કે સંતતિ, આખું જગત અરે, અવરભાવમાત્ર ખોટું છે એવું જાણું છું પણ જાગૃતિ વર્તતી નથી. દયા કરો દયાળુ... મૃત્યુ માટે અંગ્રેજીમાં એક અનોખું phrase (માર્મિક વચન) વપરાય છે. To join the majority. અત્યારે જે જીવે છે તેના કરતાં આજ સુધી મૃત્યુ પામનારની સંખ્યા અતિ અધિક છે અને અતિ અધિક જ રહેવાની. આવી મૃત્યુની નિશ્ચિતતા અને જગતની નાશવંતતાને હું સારી રીતે જાણું છું પણ હવે મારા પર કૃપા વહાવો કે મને જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિમાં સાંખ્યજ્ઞાનની દૃઢતા વર્તે.

સાંખ્યજ્ઞાનની દૃઢતાથી આત્મનિષ્ઠાની દૃઢતા કેટલી સરળ થઈ જાય ! હે દયાળુ, આપે પંચાળાના બીજા વચનામૃતમાં કહ્યું છે કે, “સાંખ્યવાળે વિચારે કરીને પોતાના આત્માથી વ્યતિરિક્ત જે જે કાંઈ પાંચ ઇન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને ભોગવવામાં આવે એવા વિષયભોગ છે તેને અતિશે તુચ્છ જાણ્યા છે, માટે એ કોઈ પદાર્થને વિષે આશ્ચર્ય પામે નહિ તથા બંધાય નહિ અને એને પાસે કોઈ આવીને એમ કહે જે, આ પદાર્થ તો બહુ જ રૂડું છે ત્યારે તેને એમ વિચારે જે ગમે તેવું સારું હશે પણ ઇન્દ્રિયો-અંતઃકરણે કરીને ગ્રહણ કર્યામાં આવે એવું હશે ને ! ઇન્દ્રિયો-અંતઃકરણના ગ્રહણમાં જે આવે તે તો અસત્ય છે; નાશવંત છે, એવી એ સાંખ્યવાળાને દૃઢ સમજણ રહે છે.”

હે દયાળુ, આવી સાંખ્યજ્ઞાન સોતી આત્મનિષ્ઠાની દૃઢતા કરાવવાનો આપનો સંકલ્પ છે. આપનો આ સંકલ્પ હું પૂરો કરું એવી દયા કરો. સાંખ્યજ્ઞાનની દૃઢતા થાય એટલે સમજણના પાયા કેટલા ઊંડા નખાઈ જાય, જે કદી કોઈ સંજોગ-પરિસ્થિતિમાં ડગે જ નહીં. નિરુત્થાનપણાના માર્ગે આગળ ડગ મંડાવવા સાંખ્ય સમજણ સંબંધિત આપ મારી પાસે આટલી અપેક્ષા જરૂર સેવો છો.

મને કોઈના જન્મનો આનંદ રહે નહિ ને મૃત્યુનું દુઃખ લાગે નહીં.

મને માન-સન્માનની અપેક્ષા રહે નહિ ને અપમાનની ઉપેક્ષા થાય નહીં.

મને ભૌતિક સુખની સ્પૃહા રહે નહિ ને ત્રિવિધ તાપનું દુઃખ સાલે નહીં.

મને દેહની કોઈ પરવા રહે નહિ ને ભૌતિક પંચવિષયનું સેવન ઇચ્છું નહીં.

મને દેહના સંબંધી પરત્વે રાગ રહે નહિ ને મને અપજશ આપનાર પરત્વે દ્વેષ રહે નહીં.

મને સારા-નરસાનો ભેદ રહે નહિ ને રૂપ-કુરૂપનો ખ્યાલ રહે નહીં.

મને સંજોગ-પરિસ્થિતિ વિચલિત કરી શકે નહિ ને આપના



**સાંખ્ય એટલે વિવેકની આંખ.**

રાજીપાથી કોઈ ચલિત કરી શકે નહીં.

હે મહારાજ, હે ગુરુજી ! આપની આ આશા હું જરૂર પૂર્ણ કરી સાંખ્યનિષ્ઠ મુક્ત બની શકું એવું બળ આપો. દયાળુ, આવા સાંખ્યજ્ઞાનની દઢતાવાળા મુક્તોને જોઈ આપ કેટલા રાજી થઈ જાવ છો !!

સ્વામિનારાયણ ધામ સેન્ટરના એક બાવન વર્ષીય હરિભક્ત આપની ઈચ્છાથી હૃદયરોગના હુમલામાં માત્ર ૨૪ કલાકમાં મૂર્તિસુખે સુખિયા થઈ ગયા. હરિભક્તના દીકરાએ પોતાના માતુશ્રીને (હરિભક્તના ધર્મપત્નીને) સમાચાર આપ્યા અને કહ્યું, ‘‘તમે દુઃખી થવાના ન હોય ને રોકકળ ન કરવાના હોય તો જ હું પપ્પાને હૉસ્પિટલથી ઘરે લાવું.’’ ત્યારે તેઓના માતુશ્રીની સમજણ તો જુઓ : ‘‘બેટા, તું જરીએ ચિંતા ન કરીશ. જો, મહારાજ ને ગુરુજી ક્રીમ (ચૈતન્ય) હતું તે તો લઈ ગયા (મૂર્તિમાં મૂકી દીધા); હવે ખોખા (દેહ) માટે શું રોવાનું ! માટે તારા પપ્પાનું જે ખોખું છે તેને ઘરે લાવ.’’ જ્યારે આ હરિભક્તનો પાર્થિવ દેહ ઘરે લાવ્યા ત્યારે તેઓએ આનંદિત થકા કીર્તન ઉપાડ્યું, ‘‘ઘેરે ચાલી આવિયા બ્રહ્મમહોલવાસી રે...’’ પરંતુ સહેજ પણ પોતાના પતિ ધામમાં ગયા તેનાથી દુઃખી થયાં નહીં.

હે ગુરુજી, વર્તમાનકાળે આ બધાં પાત્રો આપના જોગ-સમાગમે સાંખ્યની જબરજસ્ત દઢતા રાખી શકે તો હું કેમ નહીં !! માટે દયાળુ, મારા પર એટલી કૃપા વહાવો કે સમય-સંજોગે આવી સાંખ્ય સમજણની દઢતા રાખી શકું.

સાંખ્યજ્ઞાનની દઢતા શાના માટે ? આપના સ્વરૂપમાં જોડાવા માટે. બાપાશ્રીએ એટલે જ તો કહ્યું છે કે, ‘‘સાંખ્ય વિચાર તો લાખ વાર કરવો એમ કરતાં કરતાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય.’’

સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું, જોયા જાણવા જેવા આપ જ પ્રમાણું;
આપ ને મોટામાં પ્રીતિ કરું હું...

હે દયાળુ, સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કર્યા પછી આપ ને ગુરુજીમાં યથાર્થ, સમજણ સોતી પ્રીતિ કરી શકું એવી દયા કરો. કારણ, સાંખ્યવિહોણી આપ કે ગુરુજીમાં પ્રીતિ કરવાનો પ્રયત્ન એ વિષ્ટા પર છાંટેલાં અત્તર સમાન છે. દયાળુ, આપે જ આ વાતની પુષ્ટિ કરતાં ગઢડા મધ્યના ૨૪મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યનાં સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ સર્વેનાં જે સુખ તેને સમજી રાખે અને ચૌદ લોકની માંહ્યલી કોરે જે જે સુખ છે તે સર્વેને પ્રમાણ કરી રાખે જે આ સુખ તે આટલું જ છે અને એ સુખની કેડે જે દુઃખ રહ્યું છે તેનું પણ પ્રમાણ કરી રાખે. પછી દુઃખ સોતાં એવાં જે સુખ તે થકી વૈરાગ્ય પામીને પરમેશ્વરને વિષે જ દઢ પ્રીતિ રાખે.’’

આમ, હે દયાળુ, સાંખ્યનિષ્ઠા સોતી આપ તથા ગુરુજીમાં પ્રીતિ યથાર્થ થશે અને હંમેશાં રહેશે.

હે રાજાધિરાજ, હે ગુરુજી, આપના દિવ્ય ચરણોમાં પ્રાર્થું છું કે, આ જગત ખોટું છે, મિથ્યા છે, દુઃખદાયી છે એવું માત્ર હું બોલવામાં ન રાખું, જીવસત્તાએ મને સાંખ્ય સમજણ થાય કે આ નરી આંખે દેખાતો અવરભાવમાત્ર જેનો આકાર છે અને જેનું નામ છે તે સર્વે અસત્ય છે. સુખ નથી; સુખનો આભાસ છે. દયાળુ, આ ખોટું છે, અસત્ય છે, તો સાચું શું ? સત્યમાં સત્ય સ્વરૂપ આપ છો. જોવા જેવા આપ છો, જાણવા જેવા અને માણવા જેવા પણ એક આપ જ છો. દયાળુ, બસ અવરભાવમાત્રથી સાંખ્ય સમજણે પાછી વૃત્તિ કરી આપ અને મોટા કહેતાં ગુરુજીના સ્વરૂપને વિષે યથાર્થ પ્રીતિ થાય એવી દયા કરો મહારાજ ! તો જ મારી જ્ઞાનસ્થિતિની યાત્રા આગળ ધપશે.

## પ્રિ-મુમુક્ષુ કેમ્પ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી આદર્શ પ્રૉજેક્ટ અન્વયે તા. ૯-૧૧-૨૦૨૪થી તા. ૧૩-૧૧-૨૦૨૪ એમ પાંચ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની દિવ્ય સંકલ્પ ભૂમિ પર વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં યોજાઈ ગયો.

પૂ. સંતોએ આ કૅમ્પનું આયોજન વ્હાલા ગુરુજીના સંકલ્પ મુજબ તૈયાર કરી સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કર્યું હતું. જેમાં અનાદિમુક્તની સ્થિતિ પામવાના માર્ગે આગળ વધારવા માટે ગુરુજીનો પ્રબળ સંકલ્પ જણાઈ રહ્યો હતો. આ કૅમ્પમાં વ્હાલા ગુરુજીએ નૂતન પ્રાર્થના ‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...’ તેમજ દિવ્યભાવે વર્તવા ઉપર દિવ્યવાણીનો લાભ આપી સૌને રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. પૂ. સંતોએ પણ જ્ઞાનસત્ર આધારિત કથાવાર્તા ઉપર વિશેષ લાભ આપી, પુનરાવર્તન કરાવી બળ પ્રદાન કર્યું હતું. બે દિવસ દરમ્યાન કથાવાર્તાનો લાભ લઈ પાછળના ૩ દિવસ દરમ્યાન તમામ શિબિરાર્થી મુક્તો એકાંત કુટિરનો લાભ લઈ ધન્ય બન્યા હતા. આમ, આ પાંચ-દિવસીય કૅમ્પમાં ૩૬૦થી પણ વધુ મુક્તો મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધ્યા હતા.

**જેનું નામ છે અને જેનું રૂપ છે તે સર્વે મિથ્યા છે.**



# દેહ નથી હું દેહના ભાવો જ કેવા ?

"દેહ નથી હું દેહના ભાવો જ કેવા, દેખાવામાત્ર જાણી છોડી દેવા જેવા;
અવરભાવમાત્ર અનિત્ય ગણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું."

**પંક્તિ સમજૂતી**

આ પંક્તિ દેહભાવથી પર થવા યત્નશીલ મુમુક્ષુ માટે એક દીવાદાંડી સમાન છે. અનાદિની સ્થિતિના માર્ગે સૌથી વધુ વિઘ્નરૂપ બાબત હોય તો તે છે – દેહભાવ. દેહભાવના કારણે મુમુક્ષુના અધ્યાત્મ માર્ગમાં વારંવાર રુકાવટ આવી જતી હોય છે. વ્હાલા ગુરુજીએ આ પંક્તિમાં ચાર મહત્ત્વની બાબતોનું નિરુત્થાનપણું કરવા માટેની પ્રાર્થના કરવાની દિશા આપી છે.

**૧. દેહ નથી હું** એટલે કે ચર્મચક્ષુએ દેખાતું શરીર તે હું નથી. જેમ ચશ્માં અને બૉક્સ જુદાં છે તેમ શરીર અને હું બંને જુદાં છીએ. હું એટલે આત્મા. આ બાબતનું નિરુત્થાનપણું કરવું.

**૨. દેહના ભાવો જ કેવા ?** અર્થાત્ દેખાતો દેહ આપણું સ્વરૂપ નથી તો દેહ સંબંધિત સ્થૂળ-સૂક્ષ્મ-કારણ દેહના ભાવો આપણા ક્યાંથી હોય શકે ? જેમ હિંદુને મુસ્લિમના કોઈ કાયદા-કાનૂન લાગુ ન પડે તેમ આત્માને દેહ અને દેહના ભાવો

ક્યાંથી સ્પર્શી શકે !! દેહના ભાવો ક્યારેક દેખો દે તોપણ એવી દ્વિધામાં ન પડવું કે મને અનાદિમુક્ત કર્યો છે છતાં દેહના દોષો કેમ પીડે છે ? પરંતુ જ્ઞાને કરી તેનાથી જુદા જ રહેવું; તેને પોતાના ન માનવા.

**૩. દેખાવામાત્ર જાણી છોડી દેવા જેવા** એટલે જેમ ઉનાળામાં રોડ પર આભાસી જળ દેખાતું હોય પરંતુ ખરેખર જઈને જોઈએ તો કાંઈ ન હોય; દેખાવામાત્ર જળ હોય. તેમ મહારાજ અને ગુરુજીએ દેહને કૃપાએ કરીને ઉડાડી દીધો છે. હવે કામ-ક્રોધાદિક દોષો જણાય છે તે દેખાવામાત્ર જ છે; વાસ્તવમાં નથી એવું નિરુત્થાનપણું કરવું.

**૪. અવરભાવમાત્ર અનિત્ય ગણું હું** અર્થાત્ મૂર્તિ કહેતાં પરભાવ જ એક નિત્ય છે. અવરભાવમાં આંખે કરી જે દેખાય છે, ઈન્દ્રિયો-અંતઃકરણ દ્વારા જે અનુભવાય છે તે બધું અનિત્ય છે. પાણીના પરપોટાની માફક ક્ષણિક છે. નાશવંતનું મનન-ચિંતન કેવું ? માટે અવરભાવમાત્રનું મનન-ચિંતન છોડી પરભાવી મનન-ચિંતનમાં ઊંડા ઊતરવું.

આ ચાર બાબતનું નિરુત્થાનપણું કરવા માટે મુમુક્ષુએ નિત્યપ્રત્યે કેવી પ્રાર્થના કરવી જોઈએ ? તે આવો જોઈએ.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

રેતી, કપચી, સિમેન્ટ, પાણીના મિશ્રણથી બનેલું મકાન એ માનવીને રહેવાનું સ્થાન જરૂર છે પરંતુ મકાન એ જ માનવી નથી. તેમ સ્થૂળ-સૂક્ષ્મ-કારણ દેહના મિશ્રણથી બનેલો આ માનવ દેહ ભલે મારા રહેવાનું સ્થાન બન્યો પણ આ દેહ તે જ કાંઈ હું નથી. આ વાતની પુષ્ટિ આપતા દાસ નારાયણે કહ્યું છે કે,

"નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી;
પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવું જી."

આ નાશવંત દેહ વડે મારે અવિનાશી મહારાજને પામી લેવાના છે પણ શરીરને જ પોતાનું રૂપ માની તેમાં બંધાઈ જવાની ભૂલ મારે કદાપિ કરવી નથી.

હે મહારાજ ! મને આ બધું જ જ્ઞાન છે, માત્ર વાચ્યાર્થ !! બુદ્ધિગમ્ય !! એટલે જ હજુય હું તો સ્થૂળ દેહના ભાવો જ પુષ્ટ કરું છું. હું જાડો, હું ઊંચો, હું ગોરો, હું પટેલ, હું પુરુષ, હું ડૉક્ટર, હું કોઈનો પિતા, આ મારી પત્ની, આ મારું ઘર. અને પ્રભુ, આ દેહભાવની માયાજાળ કેવી વિચિત્ર છે !! ઘડીમાં દુઃખી, ઘડીમાં સુખી. દેહમાં રોગ આવે તો દુઃખી, સાજું થવાય તો સુખી. કોઈ અપમાનજનક શબ્દ કહે તો દુઃખી, વખાણ કરે તો સુખી !! પ્રમોશન મળે તો ખુશ, ન મળે તો નાખુશ. લજામણીના છોડ જેવી અને ફૂલ બજારનાં ફૂલો જેવી ભંગાર સ્થિતિ હોય છે મારી પ્રભુ !! સવારે આનંદ તો સાંજે દુઃખ !!

મહારાજ, મને નિરુત્થાનપણું કરાવો કે દેખાતો સ્થૂળ દેહ તે હું છું જ નહિ, સ્થૂળ દેહના ભાવો મારા છે જ નહીં.

પ્રભુ, અધ્યાત્મ માર્ગે એકધારી પ્રગતિ થતી જણાતી હોય ત્યાં ઓચિંતાના ભૂંડાં ઘાટ-સંકલ્પ, સ્વપ્ન તથા કામાદિક વિકારો એવા હાવી થઈ જાય કે હિંમત હારી જવાય. હું તો કામી, માની, વાસનિક છું !! મને સ્થિતિ શે થશે ? મહારાજ ! મારા માટે સ્થિતિ શક્ય જ નથી. કૃપા કરો દયાળુ. ગુરુજી, બાપાશ્રીની વાતોમાં પહેલા ભાગની ૮૭મી વાતમાં મારા જેવા સાધનિકને હિંમત મળી રહે તેવાં વચનો કહ્યાં છે કે, "મોટા મળ્યા પછી દેહના ભાવ જણાતા હોય તો તે મરેલા જાણવા, પણ પોતાના જીવને પાપી ન માનવો." અને ગુરુજી આપ !! આપ તો કથાપ્રસંગે સાવ સહજમાં અમને આ બધા ભાવોથી નિર્વિકલ્પ કરી દો છો : "સંકલ્પ-વિકલ્પ, કામાદિક વિકાર તેને ચૂંથશો નહીં. તે શર્ટ પર ચડેલી કીડી જેવા છે. તેને ખંચેરી નાખો. કીડી ક્યાંથી આવી'તી ? ક્યાં ગઈ ? Do not notice !! એમ ઘાટ-સંકલ્પ થાય તો આ જ રીતે ખટ દઈને ખંચેરી નાખો. તેને ચૂંથો નહીં. કેમ આવા વિચારો આવ્યા ? કેમ ઘાટ થયો ? અરરર... અરરર... અરરર... ન કરો. આપણે ગરીબ-કંગાળ નથી. આ તો મહારાજે મૂકેલી નિરુત્થાનપણાની કસોટી છે. ઘાટ-સંકલ્પ એ મરેલા સાપ છે. મરેલા સાપની બીક લાગે પણ કરડે નહીં. તેમ સત્સંગમાં નિર્માનીપણું રહે, દાસભાવ-ગરજ રહે તે માટે મહારાજ કામાદિક ભાવો દેખાડે પણ તે હકીકતમાં તમારે વિષે છે જ નહીં. તમે તો pure છો !!"

ગુરુજી, આ નૂતન પ્રાર્થના કરતાં કરતાં ખૂબ ગદ્‌ગદિત થઈ જવાય છે કે જો આપ ન મળ્યા હોત તો !! અમારા દોષ-સ્વભાવો ટાળવાના ઉપાય, હિંમત-બળ કોણ આપત ? અને જ્યારે દેહના ભાવો જોઈ નાસીપાસ થઈ જઈએ ત્યારે અમને તેનાથી નિર્લેપ રહેવાની કળા કોણ આપત !! આપ આપનો એક હસ્ત પ્રજાપતિભાઈની જેમ માટલાની અંદર રાખો છો અર્થાત્ અમને પ્રેમથી બળ આપી તૂટવા નથી દેતા અને બીજો હસ્ત બહાર રાખો છો અર્થાત્ અમને શુદ્ધ પાત્ર કરવા રોકટોક દ્વારા વિશુદ્ધ બનાવવાની નેમ લઈ મંડ્યા છો. આપ કેવા કરુણામય દિવ્ય સ્વરૂપ છો !! મારા જેવું કૃપાવંત અનંતકોટિ બ્રહ્માંડમાં બીજું કોણ હોય શકે !! મને આપના દીકરા થવાનું

મળ્યું !! આપ મારી માવડી બન્યા !!

બસ, હવે અવરભાવમાત્ર ગંજીફાના મહેલની જેમ અનિત્ય મનાય. સિનેમા ઘરના પડદા પર આવતા સીનની જેમ દેખાવામાત્ર મનાય એવી કૃપા કરો. અવરભાવના વિચારો, દોષ-સ્વભાવ, સ્થિતિ-પરિસ્થિતિમાં હું વહેવા ન માંડું. નિર્લેપ થકો મારા આત્મ સ્વરૂપમાં ડૂબેલો રહું એવી દયા કરો.

હે શાશ્વત સુખપ્રદાતા મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ ! આપ જ એકમાત્ર નિત્ય સ્વરૂપ છો. આપના સ્વરૂપમાં મને સ્થિર કરો પ્રભુ !!

લીમડો ક્યારેય આંબો નથી મનાતો અને આંબો ક્યારેય લીમડો નથી મનાતો !! કેટલું નિરુત્થાનપણું વર્તે છે કે લીમડો એટલે લીમડો અને આંબો એટલે આંબો. આવું નિરુત્થાનપણું મને મારા આત્મ સ્વરૂપનું, સ્વ-સ્વરૂપનું કરાવી દો નાથ !! હવે વાર ન કરશો !! આ જોગ... આ ટાણું... આ દિવ્ય સાંનિધ્ય... મળે ક્યાંથી !! આ ફેરે સાવ સહેલું છે. કામ પતી જાય તેવું છે તો દયાળુ, આપની સ્પેશ્યલ કૃપા વહાવો વ્હાલા. રાજી થાવ !! અંતરથી રાજીપો વરસાવો !!

- **હે મહારાજ, હે ગુરુજી, મારા શુદ્ધ સ્વરૂપનો દૃઢાવ કરવા હવે દૃઢ સંકલ્પ કરું છું કે,**
  1. **દરરોજ એકાંતે બેસી 'હું દેહ છું જ નહિ, મારે દેહના ભાવો છે જ નહિ' આ રટણ ટૂલનું મનન કરીશ.**
  2. **રોજ રાત્રે એકાંતે બેસી પોતાના દેહની ભૂલો તપાસી સાક્ષી ભાવે તેને સુધારવા પ્રયત્ન કરીશ.**
  3. **હું, મેં, મારું, મને, મારે આવા શબ્દોના પ્રયોગથી દેહભાવને પાકો નહિ કરું. કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા આદિક દેહના ભાવો પીડે તો દુ:ખી નહિ થઉં. જ્ઞાને કરીને તેનાથી જુદો પડી જઈશ. દેખાવામાત્ર જાણી તેને છોડી દઈશ.**
  4. **રોજ એકાદ કલાક વચનામૃત, બાપાશ્રીની વાતો જેવા અધ્યાત્મ પુસ્તકોનું વાંચન કરીશ.**

## પાસોદરા પાટિયા(સુરત) શિલાન્યાસ સમારોહ






શ્રીહરિના પાવન ચરણકમળોથી પ્રસાદીભૂત થયેલ સુરતની ધન્ય ધરા ઉપર કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રનો શિલાન્યાસ સમારોહ ઊજવાઈ ગયો. વરાછા-ડભોલી આ બંને મંદિરોની નિર્માણગાથાનાં બીજ રોપાયાંની ધન્ય ધરા એટલે પાસોદરા પાટિયા. સુરત શહેરમાં સત્સંગની શરૂઆત માટે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અનેક વાર આ સ્થાને પધારી સંકલ્પો વહાવતા. આ ભૂમિમાં હવે નૂતન મંદિરના નિર્માણકાર્યનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તા. ૮-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ સાયંકાળે ૪થી ૬ દરમ્યાન વ્હાલા ગુરુજીની ઉપસ્થિતિમાં શિલાન્યાસ સમારોહ શાનદાર રીતે સંપન્ન થયો. કીર્તનભક્તિ પૂર્ણ થયા બાદ વ્હાલા ગુરુજી, મોટેરા હરિભક્તો તથા યજમાનો દ્વારા સુશોભિત સ્થાનમાં શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. પ્રાસંગિક પ્રવચનમાં પૂ. નિત્યસ્વામીએ લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ આ ભૂમિનો ઇતિહાસ જણાવી સૌને મહાત્મ્યસભર કર્યા હતા. ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. સંતોની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. અંતમાં આ શિલાન્યાસ સમારોહમાં પધારેલ સિલેક્ટેડ મુક્તો વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લઈ છૂટા પડ્યા હતા.



આત્મસ્વરૂપનું નિરુત્થાનપણું એટલે જ્ઞાનસ્થિતિ.




# શુદ્ધ ચૈતન્ય મને મૂર્તિરૂપ કીધો

"શુદ્ધ ચૈતન્ય મને મૂર્તિરૂપ કીધો, મૂર્તિમાન કરીને મૂર્તિમાં લીધો;
રસબસભાવે સુખભોક્તા જ છું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું."

**પંક્તિ સમજૂતી**

આ પંક્તિમાં વ્હાલા ગુરુજીએ કારણ સત્સંગની વિશેષતા દર્શાવતી મહત્ત્વની બે બાબતો પર વિશેષ પ્રકાશ પાડ્યો છે : (૧) મુમુક્ષુનો આંતર આનંદ અને કેફ, (૨) કારણ સત્સંગની આત્માને અનાદિમુક્ત કરવાની અજોડ રીતિ.

'અણુ કદી વિભુ ન થાય' અર્થાત્ અણુ એટલે શુદ્ધ ચૈતન્ય અને વિભુ એટલે પરમાત્મા. આમ ચૈતન્ય કદી પરમાત્મા જેવો ન થાય એ વાત અનેક આત્મજ્ઞાનીઓ દ્વારા અદ્યાપિ પ્રતિપાદિત થઈ છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણ અને તેમના સત્પુરુષોએ પ્રગટ થઈ અધ્યાત્મ ક્ષેત્રે નૂતન ક્રાંતિ સર્જી છે !! અનંત મુમુક્ષુ ચૈતન્યને (દેહથી પૃથક્ આત્માને) મૂર્તિરૂપ સાકાર સ્વરૂપ આપવાનો હોલસેલ બિઝનેસ શરૂ કર્યો છે !!

આ પંક્તિમાં મુમુક્ષુ ચૈતન્યનો આંતર આનંદ વ્યક્ત થયો છે કે જેમ ગરીબ બાઈને રાજા રાણી બનાવે તેમ સ્વયં પુરુષોત્તમનારાયણે મારું સ્વરૂપાંતર કરી મને મૂર્તિરૂપ એટલે કે પોતાના જેવો કરી દીધો !! પોતાનું રૂપ મને આપી દીધું !!

આટલેથી કરુણા ન અટકી ગઈ !! શ્રીજીમહારાજ જેવું રૂપ તો પરમ એકાંતિકમુક્તને પણ મળ્યું છે પરંતુ તેઓ એકદેશી પુરુષોત્તમરૂપ છે. તેઓ સન્મુખભાવે મૂર્તિનું સુખ લે છે જ્યારે મૂર્તિરૂપ થયેલ મુક્તને મહારાજ પોતાની મૂર્તિમાં રાખી રોમ રોમનું સુખ ભોગવાવે ત્યારે તેને અનાદિમુક્તનું પદ મળે છે. આવી અનાદિમુક્તની સર્વોત્તમ ને અંતિમ પદવી પ્રાપ્ત થઈ હોવાનો મુમુક્ષુ અહીં આનંદ વ્યક્ત કરે છે.

કારણ સત્સંગમાં પ્રવેશ લેનાર મુમુક્ષુ ચૈતન્યને મુક્ત પદવી સાવ ફદલમાં મળી જાય છે. મુમુક્ષુ જીવ મોટાપુરુષના યોગમાં આવે; મોટાપુરુષ તેને દૃષ્ટિ, સ્પર્શ, સંકલ્પે કરી વર્તમાન ધરાવી, તેના ચૈતન્યનું સ્વરૂપાંતર કરી મૂર્તિરૂપ કરી દેહને બાળી નાખે; જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી પ્રતિલોમભાવે મૂર્તિ પધરાવી દે અને અંતે અનાદિમુક્તની અતિ ઉત્તમ સ્થિતિ પમાડે. પરંતુ અનાદિમુક્તની પદવી દેહ છતાં પ્રાપ્ત થઈ હોય તેવા મુમુક્ષુ મુક્તએ મહારાજને પૂર્ણકામપણામાં રહી સ્થિતિ તરફની યાત્રામાં જ્ઞાન-ધ્યાને કરી આગળ વધતા થકા કેવી પ્રાર્થના કરવી જોઈએ તે આવો જોઈએ.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે પ્રાણાધાર ! હે મહારાજ !

આજથી અઢીસો વર્ષ પૂર્વેથી આપના સંકલ્પની એકધારી પ્રબળતા જણાય છે કે સર્વેને માખીમાંથી સૂર્ય, કીડીમાંથી કુંજર, જીવમાંથી મુક્ત, અણુમાંથી વિભુ કરવા છે. આપના સંકલ્પની આ પ્રબળતામાં હું ફાવી ગયો મહારાજ !!

જેમ કેળાંથી છાલ જુદી પડી જાય, દૂધથી કોથળી જુદી થઈ જાય, શરીર પરથી વસ્ત્ર જુદું પડી જાય તેમ આપે દેહને મારાથી નોખો કરી નાખ્યો. હે મહારાજ ! હવે હું દેહ નથી, હું અશુદ્ધ ચૈતન્ય પણ નથી. હું દેહથી-દેહના ભાવોથી વિરક્ત એવો શુદ્ધ ચૈતન્ય છું. પ્રભુ, આજે મને આપે મારા સાચા સ્વરૂપની ઓળખાણ કરાવી. હવે નિરંતર આવું નિરુત્થાનપણું વર્તે એવી દયા કરો મહારાજ.

મહારાજ, એક પ્રસંગ યાદ આવે છે. સિકંદર રાજા જ્યારે વિશ્વવિજયી થવા નીકળ્યા ત્યારે તેમના ગુરુએ આજ્ઞા કરી હતી કે ભારત પહોંચો તો ત્યાંના સાધુનો સમાગમ કરવાનું ચૂકતા નહીં. ભારત પહોંચતાં સિકંદર રાજાએ એક પ્રખ્યાત સાધુ મહાત્માને છાવણીમાં બોલાવવા સિપાહીને મોકલ્યા. સાધુએ ના પાડી ને કહ્યું, “રાજાને ગરજ હોય તો સામે ચાલીને મારા આશ્રમે આવે.” સિકંદર રાજાએ ગુસ્સામાં આવી વળતો જવાબ મોકલ્યો કે, “સમ્રાટનો હુકમ નહિ મનાય તો તમારું માથું કાપી નાખવામાં આવશે.” ત્યારે સાધુ મહાત્માએ કહ્યું કે, “રાજન, અમે ભારતના સાધુઓ માથાં વિનાના છીએ. અમે દેહને પોતાનું રૂપ માનતા જ નથી. અમે તો પોતાને શુદ્ધ ચૈતન્ય માનીએ છીએ. આ શરીર નાશવંત છે. તેના મૃત્યુથી અમે ડરતા નથી. ને આત્મા અજર, અમર, અવિનાશી છે. એટલે ધડ ઉપર માથું હોય તોય અમે આત્મા છીએ અને કદાચ ન હોય તોય શુદ્ધ આત્મા જ છીએ.” પ્રભુ, કેવું આત્મ સ્વરૂપનું નિરુત્થાનપણું કહેવાય !! આવું નિરુત્થાનપણું મને કરાવી દો પ્રભુ !!

મહારાજ, આપે તો મારા પર એથીયે વિશેષ કરુણા વહાવી કે મને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષનો યોગ આપ્યો. વર્તમાનકાળે અનંતકોટિ બ્રહ્માંડમાં અનાદિમુક્તની સ્થિતિના દાની એકમાત્ર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જ છે. ગુરુજી, આપે મને વર્તમાન ધરાવી મારું સ્વરૂપાંતર કરી દીધું. આહાહા... ગુરુજી, આપે મને ન નિરાધાર રહેવા દીધો, ન નિરાકાર રહેવા દીધો !! દેહનો આધાર છોડાવી તરત જ મૂર્તિનો આધાર આપી દીધો. હવે જ્ઞાને કરી દેહરૂપી ઝૂંપડું છોડી મૂર્તિરૂપી રાજમહેલમાં રહી શકાય એવી પાત્રતા બક્ષો મહારાજ.

ગળ્યા પાણીમાં લીંબુ ભળે એટલે તેને શરબતની સંજ્ઞા મળી જાય તેમ પ્રભુ ! મારું નિરાકારમાંથી સાકાર સ્વરૂપમાં સ્વરૂપાંતર થયું !! પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં લીધો એટલે મને અનાદિમુક્તની સંજ્ઞા મળી ગઈ. પ્રભુ ! હવે પહેલો નંબર આપનો અને બીજો નંબર અનાદિમુક્ત એવો મારો. પ્રભુ, મને મળેલી પદવીનું હું દિવસ દરમ્યાન સતત અનુસંધાન રાખી શકું એવી દયા કરો. અનાદિમુક્તપણાનું ભાન ભૂલી હું ફરીથી હવે દેહ રૂપે ન વર્તવા માંડું એવી પળે પળે જાગૃતિ રખાવજો.

દયાળુ, ધાબા પર ઊભેલી મા જાતે નીચે ઊતરી બાળકને તેડી ઉપર લઈ જાય છે તેમ આપે અને ગુરુજીએ પણ આવું જ કર્યું !! અનાદિમુક્ત કરતાંની સાથે દેહના સ્થાને સ્વયં આપ આવી બિરાજી ગયા ને મને આપની મૂર્તિમાં રાખી લીધો. મને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો. હવે દેખાવ એક આપનો થયો. તિલક અને ચાંદલો વસ્તુ બે છે પરંતુ ચિહ્ન એક છે તેમ મહારાજ આપ અને હું આઈડેન્ટિટી (ઓળખ) બે જુદી છે છતાં દેખાવ એક આપનો (પુરુષોત્તમનો) રહ્યો !! બસ, હવે દૂધમાં સાકર ભળીને રહે છે, ઓગળીને રહે છે તેમ આપની દિવ્ય મૂર્તિમાં મારા અસ્તિત્વનું ભાન ભૂલી રોમ રોમ પ્રત્યે એકમેકભાવે મૂર્તિમાં રહેવાય એવી અધિકાધિક કરુણા વહાવો પ્રભુ.

આપની આ અનુભવગમ્ય કૃપાનો મને અહેસાસ કરાવો મહારાજ ! પ્રાપ્તિ પૂરી કૃપાએ કરાવી દીધી; હવે સ્થિતિ પણ આપ



હું દેહથી-દેહના ભાવોથી વિરક્ત એવો શુદ્ધ ચૈતન્ય છું.

જ કરાવો મહારાજ. પ્રાપ્તિથી સ્થિતિ સુધીની યાત્રામાં દેહભાવનું ઘોડાપૂર રખે ને મને મૂર્તિમાંથી બહાર ન ખેંચી જાય એવી કૃપા કરો મહારાજ. મળેલી પ્રાપ્તિને જતન કરી સાચવી શકું, પૂર્ણકામપણામાં વર્તી શકું એવું દિવ્ય બળ પ્રદાન કરો ગુરુજી.

મહારાજ ! અનંતકોટિ બ્રહ્માંડમાં આપના જેવું દિવ્યાતિદિવ્ય સ્વરૂપ બીજા કોઈનું નથી. આપ અજોડ સ્વરૂપની કોઈ બીજી જોડ ન મળે તે સ્વરૂપ મને બક્ષિસ કર્યું !! મને મૂર્તિમાન કરી મૂર્તિમાં રાખી લીધો ! અંગોઅંગ નહિ, રોમેરોમ... આપના મુખે મુખ, આપના હસ્તે હસ્ત, આપના ચરણે ચરણ... અનુલોમભાવે નહિ પ્રતિલોમભાવે !! અલ્પ જુદાપણું નહિ, અલ્પ છેટાપણું નહીં !! આહાહા કેવી એકતા !! પયસાકરવત્ !! દૂધમાં સાકર ઓગળે એટલે એક દૂધ જ રહે તેમ મને મૂર્તિમાં રાખી મારું અસ્તિત્વ ભુલાવ્યું એટલે એક આપ જ રહ્યા !! મહારાજ... મહારાજ... મહારાજ જ છે.

પ્રભુ, જેમ અવલબા આપ સાથે અતિશે સ્નેહથી જોડાતાં ત્યારે તેમના ઉદ્‌ગારો કેવા નીકળતા, "હું સહજાનંદ સ્વામી, સર્વેનો અંતર્યામી..." ગુરુજી, આપે અનેક વખત જણાવ્યું છે કે મુક્ત કદી મહારાજ નથી થતા પરંતુ મહારાજના સ્વરૂપમાં એટલા બધા ડૂબીને વર્તે છે કે પરિણામ રૂપે તેમના મતે એક મહારાજ જ રહે છે. મહારાજ, અવલબાની પેઠે મને આપના સ્વરૂપમાં અતિશે સ્નેહ જન્માવો.

પ્રભુ, આપની મારા પર વહેલી આ કરુણા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી વગર મારા કેવળ પુરુષપ્રયત્ને ફળે તેમ નહોતી... શાસ્ત્રોના અભ્યાસથી કે જ્ઞાનચર્ચાથી; આત્મભાવમાં વર્તવાના સઘન પ્રયાસથી કે સાધનમાત્રથી કાંઈ જીવમાંથી મુક્ત બનાતું નથી. એ તો પ્રભુ આપ જેમના દ્વારા પૃથ્વી પર વિચરતા હોય એવા દિવ્ય સત્પુરુષ જ ચૈતન્યના સ્વરૂપાંતરની પ્રક્રિયા કરી શકે !! આવી આધ્યાત્મિક ક્રાંતિનું સર્જન ગુરુજી જ કરી શકે !! માટે મહારાજ, આપનો હૃદયથી આભાર માનું છું કે આપે મને આવા દિવ્ય સત્પુરુષનો ભેટો કરાવ્યો, તેમનું શરણું આપ્યું.

બસ, હવે જેટલું દેહનું અનુસંધાન વર્તતું હતું તેટલું મારા સાચા સ્વરૂપનું, મારા પર થયેલી અનરાધાર કરુણાનું, મને મળેલા અતિ ઉત્તમ સુખનું અનુસંધાન રાખી પરભાવસ્થ બની રહું એવી કૃપા કરો મહારાજ, કૃપા કરો ગુરુજી.

## પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ - પુંધરા





તા. ૨૮-૧૧-૨૦૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૫થી ૮ દરમ્યાન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પુંધરા ખાતે દિવ્ય પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાઈ ગયો. શ્રીજીમહારાજને અતિ વ્હાલી એવી કીર્તનભક્તિ દ્વારા આ ઉત્સવની શરૂઆત થઈ હતી. પ.ભ. શ્રી દિનેશભાઈ અંબાલાલ પટેલના ગૃહેથી છાબયાત્રા નીકળી હતી. છાબયાત્રા પૂર્ણ થતાં સૌ હરિભક્તો સભા હૉલમાં પોતાનું સ્થાન લઈ મહાપૂજાનો લાભ લેવા માટે આતુર બન્યા હતા. પૂ. ભક્તવત્સલદાસજી સ્વામી દ્વારા યજમાનોને મહાપૂજા વિધિનો લાભ અપાયો હતો. વ્હાલા ગુરુજીએ ઠાકોરજીને પ્રતિષ્ઠા પૂર્વે ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી કરુણાવર્ષામાં સૌને ભીંજવ્યા બાદ નૂતન મૂર્તિઓનું પૂજન કરી આનંદોત્સવનો લાભ આપ્યો હતો. આજના દિને ઉપસ્થિત આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયે હરખ સમાતો નહોતો. પ્રાસંગિક પ્રવચનમાં પૂ. વિવેકસ્વામીએ લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ આ પ્રસંગે પધારેલ ૧૫૦૦થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આમ, સૌ સ્વયંસેવકોએ પૂ. વિવેકસ્વામી તથા પૂ. સંયમસ્વામીની રાહબરી હેઠળ આ ઉત્સવને દીપાવ્યો હતો.

મળેલી પ્રાપ્તિને જતન કરી સાચવી રાખવી.



# પ્રતિલોમ પધારી બિરદ પૂર્ણ કરો

“પ્રતિલોમ પધારી બિરદ પૂર્ણ કરો, કર્તા બની મુને સુખથી જ ભરો;
સૌ સંતો-ભક્તોને દિવ્ય જાણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું.”

**પંક્તિ સમજૂતી**

કારણ સત્સંગમાં મહારાજ અને મોટાપુરુષે સૌ સંતો-ભક્તો ઉપર વહાવેલી સૌથી મોટી કૃપાને વર્ણવતી આ પંક્તિ છે. મહારાજે ગુરુજી દ્વારા આ પંક્તિમાં બે મહત્ત્વના મુદ્દા આપ્યા છે :

(૧) મહારાજ દેહભાવને નષ્ટ કરી દેહના સ્થાને સ્વયં પોતે સામે ચાલીને આવી બિરાજમાન થયા છે અને ચૈતન્યને અનાદિમુક્ત કરી આ જ મૂર્તિમાં રાખે છે. તે માટે મુમુક્ષુએ કોઈ સાધન કર્યાં નથી. કારણ સત્સંગમાં સૌથી મોટી કૃપા જ આ છે. અષ્ટાંગ યોગ જેવી સાધના દ્વારા યોગીઓ જે વર પરમાત્મા પાસેથી પામી શકતા ન હતા; તે આશીર્વાદ આપણને સહજમાં આપી દીધા. હવે આપણા તરફથી કાંઈ કરવાનું રહ્યું નથી. સાધનાથી જે સિદ્ધ કરવાનું છે તે already has done એટલે કે પતી જ ગયું છે.

અત્યાર સુધી દેહનો કર્તા આત્મા હતો પણ મહારાજે દેહને ઉડાડી હવે આત્માને મૂર્તિમાન અનાદિમુક્ત કરી પ્રતિલોમપણે પોતે આવી બિરાજમાન થઈ ગયા. આથી આપણું – અનાદિમુક્તનું કર્તાપણું ન રહ્યું. સર્વ કર્તા-હર્તા મહારાજ બની ગયા. ત્યારે મુમુક્ષુએ કગરીને નિષ્કામભાવે એક જ પ્રાર્થના કરવી જોઈએ કે, અનાદિકાળથી પોતાના જ કર્તાપણાથી વર્તવા ટેવાયેલા મને હવે આપના

કર્તાપણાનો સ્વીકાર કરાવો અને આપના અલૌકિક સુખથી ભરી એનો અનુભવ કરાવો. એ સુખ ઝીલવા પાત્ર કરો. કારણ, પાત્રતા વગર અલૌકિક સુખ ન ટકે.

(૨) સૌ સંતો-ભક્તોને વિષે દિવ્યદૃષ્ટિ. સૌ મહારાજનાં સ્વરૂપો છે એવી દૃષ્ટિ કરી દેવી. વ્યક્તિ, સમય, સંજોગ-પરિસ્થિતિ, સ્થાન, સ્વભાવ, રીત-રસમ બધું એનું એ જ હોય પરંતુ જ્યારે દૃષ્ટિ બદલાઈ જાય ત્યારે તેના પ્રત્યેનો ભાવ બદલાઈ જાય છે. કારણ સત્સંગમાં સૌને મહારાજે અનાદિમુક્તના સર્વોચ્ચ પદની પ્રાપ્તિ કરાવી દીધી છે. તેમના પ્રત્યે જ્યાં સુધી દેહદૃષ્ટિ રહે ત્યાં સુધી આપણેય દુખિયા રહેવાય અને સામેનાને પણ દુખિયા કરાય. પણ દેહદૃષ્ટિ ટાળી દિવ્યદૃષ્ટિ થાય તો દેહની જગ્યાએ મહારાજનો ભાવ આવી જાય. આ દિવ્યભાવની દૃષ્ટિએ સૌની સાથેનાં વાણી, વર્તન, વ્યવહાર, અંતરનો ભાવ બધું બદલાઈ જાય. બસ, આપણું લક્ષ છે સર્વેને વિષે એવી દિવ્યદૃષ્ટિ કેળવી સર્વત્ર પરભાવનો માહોલ સર્જીએ.

ગુરુજીએ અહીં પ્રતિલોમ પધારવાની તેમજ અકર્તા બની સુખથી ભરાવવા પ્રાર્થના કરી પણ સૌ સંતો-ભક્તોમાં દિવ્યદૃષ્ટિની યાચના કેમ કરી છે ? આ પ્રશ્ન થોડો વિચારવા જેવો છે. આપણને મહારાજે અનાદિની પ્રાપ્તિ કરાવી છે છતાં મૂર્તિમાં રહેવાતું નથી અને નિજના કર્તૃત્વમાં રાચી રહેવાય છે. જેનાથી દુઃખ-અશાંતિ ને ઉદ્વેગ રહે છે. આનું કારણ અમહિમા, માયિકભાવ, અભાવ-અવગુણ. વ્યતિરેક સંબંધના સંતો-ભક્તોમાં માયિકભાવને લીધે પ્રતિલોમભાવ ન રાખી શકાય. અકર્તાભાવમાં ન રાચી શકાય. એવી મહારાજ શિક્ષા કરે છે. માટે ઉપરોક્ત બે બાબતની દૃઢતા માટે સૌ સંતો-ભક્તોમાં દિવ્યભાવ અતિ અતિ અતિ જરૂરી છે. આ પ્રાર્થનાના પ્રારંભમાં દિવ્યભાવ ને અંતમાં પણ દિવ્યભાવની વાત કરી ગુરુજીએ દિવ્યભાવ પર ખૂબ જ ભારણ આપેલ છે. જે સત્સંગમાં ખૂબ જ જરૂરી છે. આ માટે આપણે વિશેષ મહારાજને પ્રાર્થના કરીએ.

### પંક્તિ આધારિત પ્રાર્થના

હે મારા પ્રિયતમ પ્રભુ, મારા વાલમા સ્વામિનારાયણ મહાપ્રભુ ! આપે આપનો આ ભૂમંડળને વિષે પધારવાનો સંકલ્પ વચનામૃત મધ્ય પિસ્તાલીસે જણાવતાં કહ્યું છે કે, “જે જે અમારા કહેવાણા છો તેમાં અમારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. સર્વેને માયિક ઉપાધિ થકી રહિત કરી દેહથી પર થઈ અમારી ભક્તિ કરો એવા કરવા છે.” હે પ્રભુ ! આપ તો મૂર્તિમાં રાખવાનું બિરુદ લઈને જ ખાસ પધાર્યા છો.

હે મહારાજ ! આપ જ્યારે મનુષ્યને મનુષ્ય રૂપે દર્શન આપતા ત્યારે એક વાર આપ ઘેલાથી સ્નાન કરીને પરત પધારતા હતા. રસ્તામાં એક ખેડૂત આપને ભટકાયો. ત્યારે બ્રહ્મચારી તેને ધખ્યા કે, “અલ્યા, ધોળે દા'ડે ભાળતો નથી ?” ત્યારે ખેડૂતે કહ્યું, “મારા બાપ, બરાબર ભાળું છું. ભગવાનને ભાળીને જ એમની હારે ભટકાણો છું. આજ સુધી મારી જન્મમરણની ભટકણનો અંત આવ્યો નથી. આવા ભગવાન વિચરતા હોય ને મારું અધૂરું રહે ? હું પ્રભુને ભટકાણો તે પ્રભુની મારી ઉપર નજર પડી તે મારો બેડો પાર થઈ ગયો.” હે પ્રભુ ! ત્યારે આપે આશીર્વાદ વહાવી કહ્યું, “જાવ, અમારા અક્ષરધામની પ્રાપ્તિ કરાવી મૂર્તિનું સુખ આપીશું.”

હે પ્રભુ ! આપે દાદાના દરબારમાં આવી સંતોની સભા કરી કહ્યું, “સંતો, આજે માર્ગમાં એક ખેડૂત ભટકાણો તેને અમે અમારા ધામની પ્રાપ્તિ કરાવી. અમારો સંકલ્પ તો અનંતાનંત બ્રહ્માંડોના જીવોને તારવાનો છે. અનંત મનવારો ભરી જીવોને ધામમાં લઈ જવા છે. અમારી મૂર્તિનું સુખ આપવું છે.”

હે વ્હાલા ! નિકટ રહી આપના આ સંકલ્પને નીરખનાર સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ તેને પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં કંડારી લીધો.

“વળી વળી શું વર્ણવું, વળી આ સમાની વાત,
જીવ જગતના ઉપરે, આજ અમે છીએ રળિયાત;
જાણીએ આખી જક્તને, લઈ જાયે અમારે ધામ,
કેડે ન રાખીએ કોઈને, એમ હૈયે છે ઘણી હામ.”

હે વ્હાલા ! આપનો આ સંકલ્પ પૂરો કરવા જ આપ દેહરૂપી બ્રહ્માંડને ઉડાડી દેહના સ્થાને પ્રતિલોમપણે આવીને બિરાજમાન થઈ ગયા છો. હે પ્રભુ ! આપ ખરેખરા બિરુદપાલક છો. મારે આપ પ્રતિલોમપણે બિરાજો એવી પ્રાર્થના કરવાની પણ ન રહી. આપ સામે ચાલીને બિરાજી ગયા. બસ, હવે નિતાંત મૂર્તિમાં રાખવાના આપના ભવ્ય મહાસંકલ્પને અર્થાત્ આપના બિરુદને પૂર્ણ કરો.

હે પ્રભુ ! આપ તો કેવળ કૃપા કરી પ્રતિલોમપણે બિરાજી ગયા છો પણ હું આપને ઉઠાડી દઉં છું. હે પ્રભુ ! હું કર્તા બનીને હું કરું, હું કરું, હું કરું એમ કર્યા કરું છું એટલે આપને કરવાનું કાંઈ રહેતું નથી. પણ હે પ્રભુ ! હવે હું અકર્તા બની શકું. આપ જ સર્વે ક્રિયા કરી રહ્યા છો એવી દિવ્ય સમજણ કરાવો. હે વ્હાલા ! હું ખરેખર ચૈતન્ય છું તો મારી ઉપર તથા મારા કહેવાતા અવરભાવના દેહ ઉપર સંપૂર્ણ આધિપત્ય

આપનું જ છે. આપ જ એના માલિક છો. હું તો કશું છું જ નહીં. આપ જ સઘળું કરી રહ્યા છો એવું નિતાંત વર્તે એવી દયા કરો. હું અકર્તા બની શકું એવો સેવકભાવ વર્તે એવી દયા કરો. બસ, આપ પ્રતિલોમ બિરાજ્યા જ છો એવી મસ્તીમાં વર્તાય એવું કરાવો.

હે રાજાધિરાજ મહારાજ ! કોઈ અત્તરની દુકાનમાંથી કાંઈ ખરીદે નહિ પણ ખાલી વિઝિટ કરી પાછા આવે તોય તેને સુગંધનું સુખ તો આવે જ. તો હે પ્રાણાધાર ! આપ તો સુખના સાગર છો. તો પ્રતિલોમ બિરાજી મને આપના પરભાવી સુખથી ભરો. એ દિવ્ય સુખને ઝીરવવા પાત્ર કરો. આપના દિવ્ય સુખમાં એવો ગુલતાન રાખો કે માયાના તુચ્છ સુખ સામે નજર સુધ્ધાં ન કરું. માયિક સુખ માટે ભટકતી વૃત્તિઓની કામના સદાને માટે નિવૃત્ત થઈ જાય અને મૂર્તિસુખ માટે પ્રવૃત્ત થઈ જાય એવી દયા કરો.

હે વ્હાલા હરિકૃષ્ણ મહાપ્રભુ ! આજે આપે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અનહદ કૃપા અને કરુણાનો ધોધ વહાવી પરભાવી વિશ્વનું સર્જન કરી દીધું છે. સૌના દેહભાવ ટળાવી પરભાવનાં દિવ્ય સ્વરૂપો કરી દીધાં છે. હે વ્હાલા ! ક્યાં આપ ! ક્યાં આ સૌ દિવ્ય સ્વરૂપ સંતો-ભક્તો અને ક્યાં હું ? પ્રભુજી, આપે તો ક્યાં હું એમ પણ ન રહેવા દીધું. આપ હી આપ... મને આપરૂપ કરી મૂર્તિમાં રાખી લીધો. હવે આપ હી આપ જ રહ્યા.

હે પ્રભુ ! આપે આ અનહદ કરુણા એક મારી ઉપર જ કરી નથી; સૌની ઉપર કરી છે. આ પરભાવી વિશ્વમાં સૌ સંતો-હરિભક્તોને દિવ્ય અનાદિમુક્ત જ કર્યા છે. બધા ઉપર અકારણ આવી કરુણા વહાવી છે. પણ હું દેહદૃષ્ટિએ કરીને સૌને જોઉં છું એટલે દેહ સિવાય કાંઈ ભાસતું નથી. હે મહારાજ ! એવી દિવ્યદૃષ્ટિ, એવી પુરુષોત્તમની દૃષ્ટિ આપો કે સૌનાં પુરુષોત્તમ રૂપે જ દર્શન થાય.

હે મહારાજ ! સૌ સંતો-ભક્તો આપના રાજકુંવર છે. આપના જેવા દિવ્ય છે છતાં દેહદૃષ્ટિએ સૌના દોષ-સ્વભાવ-અવગુણને જોઈ સજાને પાત્ર થઉં છું. સૌને દેહધારી જ પરઠ્યા છે. પ્રભુ, મને આજે સમજાય છે કે મારા ચાર ચાર જન્મના રિપિટેશનનું કારણ આ દેહદૃષ્ટિ જ છે. આ મહારોગે મારી પરભાવની પુષ્ટિને તો રૂંધી નાખી છે પણ અવરભાવમાં પણ મને ખુવાર કરી દીધો છે. મારી આર્થિક, માનસિક, શારીરિક પાયમાલીનું કારણ જ દેહદૃષ્ટિ છે. દેહ રોગનું ઘર બનતો જાય છે. વિચારો અને માનસિક ચિંતાથી પીડાઉં છું. હે પ્રભુ, જન્મોજન્મથી ખોટનો ધંધો કરી હું મૂરખ મૂર્તિસુખની આશા રાખીને બેઠો છું.

હે વ્હાલા ગુરુજી ! આપના વ્હાલા સૌ સંતો-ભક્તો સૌને આપે પરભાવી કોલ આપ્યા છે છતાં એ પરભાવી પ્રમાણપત્રને મારી દેહદૃષ્ટિથી ફાડી નાખું છું. હું જ બરાબર, હું જ સાચો એવા અહંકારમાં રાચી ચર્મની આંખે સૌના દેહના સ્વભાવ, દેહની ક્રિયા-પ્રવૃત્તિનું જ મનન-ચિંતવન કરું છું. શંકા-કુશંકા કર્યા કરું છું. હું મૂરખ મીઠાઈમાં મીઠું નાખવાનું ડહાપણ કરી ખુશ થાઉં છું. આપ કર્તા બની કોઈ સંતો-હરિભક્તો દ્વારા મારું જરીક માન મરડો કે મારું ધાર્યું મુકાવો તો તરત અવળું પડે છે. જેના તેના અવગુણરૂપી ઘૂંટ જ નહિ, ઘડેઘડા પી જઉં છું. એટલું જ નહિ, જોગમાં આવનારને પણ પિવડાવું છું. મારી આ મહાકાય ભૂલને માફ કરો ગુરુજી, માફ કરો. સૌના ગુણ ગ્રહણ કરી શકું, ગુણ ગાઈ શકું એવી દિવ્યદૃષ્ટિ આપો.

મારા અનંત અવગુણો ને ભૂલોને ભૂલનાર, પાત્ર કરી મૂર્તિસુખની યાત્રામાં આગળ વધારનાર હે મારા વ્હાલા ગુરુજી, આપશ્રી તો સમર્થ સમ્રાટ સ્વરૂપ છો છતાં સૌના દેહભાવને ભૂલી અનાદિમુક્તના ભાવથી સંતો-હરિભક્તો સૌને ચરણસ્પર્શ કરો છો. ગમે તેવી અક્ષમ્ય ભૂલોને ભૂલી સૌને ગળે લગાડી અંતરનું વ્હાલ વરસાવો છો. દિવ્યભાવે સૌની સેવા કરો છો. એટલું જ નહિ, શિષ્ય એવા સંતો-હરિભક્તોને પણ આપશ્રી દંડવત કરો છો. જ્યારે હું બાવળિયાનાં ઠૂંઠાં જેવો અહંકારની અટંટાઈમાં કોઈની આગળ નમી શકતો નથી. વડીલોને પણ ચરણસ્પર્શ કરી શકતો નથી તો નાનાની આગળ તો નમાય જ કેમ ? હે મારા વ્હાલા ગુરુજી ! સૌને વિષે આપના જેવી દિવ્યદૃષ્ટિ કેળવી આપના જેવો દાસત્વભાવ કેળવી શકું એવી દયા કરો. સૌમાં મારા મહારાજ બિરાજે છે એવા સ્નેહાળ સંબંધ કેળવી મીઠી વાણી-વ્યવહાર રાખી શકું એવી દયા કરો. આજ સુધી કટુ વાણીએ કટાક્ષમાં ઘણાને દૂભવ્યા છે. મારા એ અપરાધને ક્ષમા કરો. દિવ્ય સમજણ, દિવ્યદૃષ્ટિ પ્રદાન કરો. દેહદૃષ્ટિનાં ચશ્માં ઉતારી દિવ્યદૃષ્ટિનાં ચશ્માં ધારણ કરી શકું એવું બળ આપો, વ્હાલા બળ આપો. સમયે દિવ્યભાવની વાત યાદ આવે અને સમયે સૌને વિષે દિવ્યભાવ વર્તે એવી કૃપા કરો. એવો ખટકો અને જાણપણું રાખીશ જ. બસ, આપ કૃપા કરો... ભેળા ભળો.

હે વ્હાલા ! આપના પરભાવી સંકલ્પનું નજરાણું એવા અનાદિમુક્ત વિશ્વમ્‌માં ઍન્ટ્રી લેવા અમે અમારા જીવનમાં વાણી, વર્તન, વ્યવહારમાં ડિવાઇન ડિસિપ્લિન દૃઢ કરી શકીએ એવી દયા કરો.

# હવે થઇ જાઓ તૈયાર...

## SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલમાં મળશે

# નિઃશુલ્ક સારવાર...

### હૃદયને લગતી સારવાર

- એન્જીયોગ્રાફી
- એન્જીયોપ્લાસ્ટી બાયપાસ સર્જરી
- હૃદયના વાલ્વને લગતી સમસ્યાની સારવાર

### કાન, નાક, ગળાનું ઓપરેશન

### પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગના રોગ

### જોઈન્ટ રિપ્લેસમેન્ટ

### જનરલ સર્જરી

### ડાયાલિસિસ

---

## PMJY મા કાર્ડ (આયુષ્માન કાર્ડ)નો ઉપયોગ કરીને કરાવો

**નિઃશુલ્ક સારવાર**



SMVS SWAMN ARAYAN HOSPITAL
A Humanitarian Hospital

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com

Follow us :

**તા. ૨-૧૧-૨૪**ના રોજ **ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ગોધર** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૧૨-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે બાપાશ્રી પ્રાગટ્ય દિને રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ દરમ્યાન સંકલ્પ સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં ૨૦૧૦૭થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લઈ જીવનપ્રાણ બાપાશ્રીના મહિમા આકારે થયા હતા.

**તા. ૧૫-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયા ઉપક્રમે ૨૫૫૦૮થી વધુ મુમુક્ષુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન 'મીઠી વાણી' વિષય અંતર્ગત દિવ્યવાણીનો લાભ આપી હૅપી ફૅમિલિના પાઠ શીખવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **SMVS** હૉસ્પિટલમાં પધારી બીમાર હરિભક્તોને દર્શન-આશીર્વાદ આપી, બળ પૂરું પાડ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કેનેડા, જર્સીસિટી, એડિસન** તથા **બોસ્ટન**ના હરિભક્તોને ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી માતૃવત્સલ સ્નેહ વરસાવ્યો હતો.

**તા. ૧૭-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઓકલેન્ડ, સિડની, એડીલેટ, બ્રિસ્બેન, મેલબોર્ન** તથા **યુ.કે., યુરોપ**ના હરિભક્તોને ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી તેમના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૧૮-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **એટલાન્ટા, સાન ફ્રાન્સિસ્કો, ચેરીહિલ, શિકાગો, યુ.એ.ઈ., આફ્રિકા** તથા **કુવૈત**ના હરિભક્તોને ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત કર્યા હતા.

**તા. ૨૨-૧૧-૨૪થી તા. ૨૪-૧૧-૨૪** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિરમાં અમદાવાદ પૂર્વ ઝોનના ૬૮૬થી પણ વધુ કિશોરમુક્તોને લાભ આપી, લાડ લડાવી નિકટતાનો અનુભવ કરાવ્યો હતો.

**તા. ૨૬-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૨૩૪૦૯થી પણ વધુ મુમુક્ષુઓને પ્રત્યક્ષ તથા ઑનલાઇન સંકલ્પ સભાનો લાભ આપી દિવ્યભાવની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૨૮-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે ૯ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે ઉપસ્થિત હરિભક્તોને અંગત સભામાં લાભ આપી ખૂબ બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **પુંધરા** ખાતે પણ ૩ પધરામણીનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૬-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પ્રાતઃ સભામાં લાભ આપી ૧૧ હરિભક્તોના ગૃહે પધરામણી કરી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પાટોત્સવ ઉપક્રમે ૧૩૩૦થી પણ વધુ હરિભક્તોને લાભ આપી ધન્ય બનાવ્યા હતા. વળી, આજરોજ રાત્રિ સમે **મહેસાણા** ખાતે ૨ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ પણ આપ્યો હતો.

**તા. ૮-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભરૂચ** ખાતે ૧ પધરામણીનો લાભ આપ્યા બાદ **ડભોલી (સુરત)** ખાતે પાટોત્સવ ઉપક્રમે ૧૩૨૮થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી કૃતકૃત્ય બનાવ્યા હતા. ત્યારબાદ **વરાછા (સુરત)** ખાતે પાટોત્સવ સભામાં લાભ આપી ૨૪૦૪થી વધુ મુક્તોને ધન્યભાગી કર્યા હતા. વળી, રાત્રે કિશોર સભામાં વ્હાલા ગુરુજીએ પોતાના વ્હાલસોયા દીકરાઓને ખૂબ બળ પૂરું પાડ્યું હતું. ત્યારબાદ સંસ્થાના સ્તંભ સમા અગ્રેસર મુક્તોને અંગત લાભ આપી રાજીપાથી સભર કર્યા હતા.

**તા. ૯-૧૨-૨૪**ના રોજ **વરાછા (સુરત)** ખાતે **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સભામાં કથાવાર્તાનો લાભ આપી મુમુક્ષુ હરિભક્તોને મૂર્તિસુખનો રાહ ચીંધ્યો હતો. આજરોજ સવારે **વરાછા** ખાતે ૧ પધરામણી, ૧ મહાપૂજા તથા ૧ રસોઈનો લાભ આપી **વ્હાલા ગુરુજી**એ પ્રેમીભક્તના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ સાંજે **વ્હાલા ગુરુજી**એ **ભરૂચ** ખાતે ૩ પધરામણીનો લાભ આપ્યો હતો. વળી, રાત્રે **ભરૂચ** ખાતે સત્સંગ સભામાં લાભ આપી મુમુક્ષુ હરિભક્તોને અધ્યાત્મ બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૧૧-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમે સંકલ્પ સભામાં ૨૦૩૨૯થી વધુ મુમુક્ષુઓને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દિવ્યભાવનો લાભ આપી, દિવ્યભાવની દૃઢતા કરાવી હતી.

**તા. ૧૫-૧૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમે પૂનમ સમૈયામાં ૨૯૩૩૬થી વધુ મુક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન અમૃતવાણીનો લાભ આપી મહારાજ તથા સંતો-ભક્તોના સ્વરૂપને વિષે દિવ્યભાવ દૃઢ કરાવ્યો હતો.

## પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેન તથા પૂ. ત્યાગી મહિલામુક્તોનું દુબઈ, આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ









શ્રીજીમહારાજ ને મોટાપુરુષના ભવ્ય ને પ્રચંડ સંકલ્પોને સાકાર કરવા તથા વ્હાલા ગુરુજીના સંકલ્પોમાં મહિલા સમાજને પ્રયાણ કરાવવાને અર્થે પૂ. ત્યાગી મહિલામુક્તોનું દુબઈ-આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે **SMVS** મહિલા વિંગનાં વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેન તથા સાથે પૂ. નીલમબેન તા. ૧૪-૧૧-૨૦૨૪ના રોજ દુબઈ ખાતે પધાર્યાં. એ પૂર્વે તા. ૧૦-૧૧-૨૦૨૪ના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. હેતલબેન, પૂ. ફાલ્ગુનીબેન તથા પૂ. રીંકુબેન દુબઈ પધાર્યાં હતાં. જેમની સાથે સેવા-સત્સંગનો લાભ લેવા માટે ઈન્ડિયાથી મહિલા હરિભક્તો પણ જોડાયાં હતાં.

દુબઈ તેમજ આફ્રિકાના મહિલા સમાજને પૂ. જાગુબેનનો દિવ્ય લાભ ઘણા સમય બાદ મળ્યો હોવાથી સૌના હૈયે ખૂબ આનંદ છલકાતો હતો. પ્રાતઃ સભા, મહિમા સભા તથા જાહેર સભા દ્વારા મહિલા સમાજને વ્હાલા ગુરુજીના સંકલ્પોમાં ભેળા ભળવા ખૂબ જ બળપ્રેરક લાભ મળ્યો. એક-દિવસીય મહિલા શિબિરમાં સૌ મુક્તો મળેલા મહારાજ ને મોટાપુરુષના મહિમાથી ભર્યા થયા હતા. પિકનિકમાં વિવિધ ઍક્ટિવિટી દ્વારા મૅસેજ આપી હેપી ફૅમિલિનો દિવ્ય સંકલ્પ દૃઢ કરવા સમાજને કટિબદ્ધ કર્યો. જેમાં મહિલા હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લઈ જીવનના અમૂલ્ય પાઠ શીખ્યાં હતાં. વળી, વિવિધ આયોજનો જેવાં કે વ્હાલા હરિકૃષ્ણ મહારાજનો દિવ્ય અભિષેક, રંગોત્સવ, રાસોત્સવ પણ યોજાયાં. મહિલા, કિશોરી, બાલિકા મુક્તોને સત્સંગમાં બળિયા કરવા તેમની સાથે અંગત બેઠકો કરવામાં આવી હતી.

આમ, કુલ ૩૨ દિવસના વિચરણ દરમ્યાન ૫૮ સભાઓ, ૨ મહિલા શિબિર, ૨ પિકનિક, બાલિકા-કિશોરી સ્પૉર્ટ્સ ડે, સમૂહપૂજા, સમૂહયજ્ઞ, ૮૪ અંગત બેઠકો તથા ૧૩૦ પધરામણી દ્વારા દુબઈ-આફ્રિકાના મહિલા સમાજે વ્હાલા ગુરુજીના સંકલ્પો તરફ ડગ માંડ્યાં હતાં. આમ, પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સાથે પૂ. જાગુબેન તથા પૂ. નીલમબેન વિદેશ ખાતે સત્સંગ વિચરણ પૂર્ણ કરી તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજ તથા અન્ય પૂ. ત્યાગી મહિલામુક્તો તા. ૧૧-૧૨-૨૦૨૪ના રોજ ઈન્ડિયા પરત પધાર્યાં હતાં.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું આફ્રિકા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વર્ષે પણ આફ્રિકા ખાતે પૂ. સંતોનું આ જ વર્ષમાં દ્વિતીય વખત સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. આશીર્વાદસ્વામી તથા પૂ. દયાનિધિસ્વામી તથા હરિભક્તોમાં  વિપુલભાઈ પટેલ પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. તા. ૨૮ નવેમ્બર ને ગુરુવારની વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું સૌપ્રથમ આફ્રિકા ખાતે ઝામ્બિયામાં લૂસાકા ખાતે આગમન થયું. ઝામ્બિયાના ભાવિક ભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આ આગમનને પુષ્પછડી દ્વારા વધાવી લીધું હતું.

ઝામ્બિયા ખાતે બે દિવસના વિચરણ દરમ્યાન પૂ. સંતોએ જાહેર સભા તેમજ સત્સંગ શિબિર જેવાં આયોજનો દ્વારા હરિભક્તોને રાજી કર્યા હતા. ઝામ્બિયા ખાતે સત્સંગ વિચરણ પૂર્ણ કરી તા. ૩ ડિસેમ્બરની સંધ્યાએ નાઇરોબી ખાતે હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આગમનને સૌએ વધાવી લીધું હતું. અહીં ત્રણ–દિવસીય સત્સંગ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ જાહેર સભા તેમજ પધરામણીનો લાભ આપી હરિભક્તોને બળ પૂરું પાડ્યું હતું.

તા. ૭ ડિસેમ્બરની સંધ્યાએ યુગાન્ડા ખાતે કમ્પાલાના ભાવિક ભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આગમનને પુષ્પહારથી વધાવી લીધું હતું. અહીં પૂ. સંતો દ્વારા અંગત સભા, ઉપાસના સભા, બાળ સભા, કિશોર સભા, કાર્યકર ડે, સત્સંગ પ્રવાસ વગેરે જેવા અન્ય પ્રોગ્રામ દ્વારા કિશોરો–યુવાનો પૂ. સંતોથી નિકટ આવ્યા હતા. એવી જ રીતે પૂ. સંતોના સાંનિધ્યમાં થયેલ આત્મીય સભાઓમાં સૌ મુક્તોએ અરસપરસ થૅન્ક યૂ અને સૉરી લેટર લખી અંતરની દૂરી દૂર કરી સૌમાં પરભાવનાં દર્શન કરી દિવ્યતાનો અનુભવ કર્યો હતો.

આમ, પૂ. સંતોના ૨૪ દિવસીય આફ્રિકા વિચરણ દરમ્યાન ૧૯ પ્રાતઃ સભાઓ, ૧૭ રાત્રિ સભાઓ, ૫ જાહેર સભાઓ, ૩ એરિયા સભાઓ, ૩ સત્સંગ શિબિર, ૭ બાળ સભાઓ, કાર્યકર ડે, ઉપાસના સભા, કિશોર સભા, શાકોત્સવ, કીર્તન આરાધના, મહાપૂજા તથા ૧૧૫ જેટલી પધરામણી તથા અંગત બેઠકો જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા ૯૭૫થી પણ વધુ હરિભક્તો મહારાજ, મોટાપુરુષ અને સંસ્થાની અસ્મિતા દૃઢ કરી મહિમા આકારે થયા હતા. કમ્પાલા ખાતેનું વિચરણ પૂર્ણ કરી તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સંત મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું. કમ્પાલાના ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળને વિદાય આપી હતી.

(અનુસંધાન પેજ નં. ૫ પરથી)

(૩) મૂર્તિરૂપ દિવ્ય સાકાર જ છું

મહારાજે મોટાપુરુષ દ્વારા અનહદ કૃપા કરી આત્માને વર્તમાન ધરાવી માયિક ને નિરાકારપણાથી મુક્તિ અપાવીને મહારાજ જેવો સાકાર ને દિવ્ય કહેતાં પુરુષોત્તમરૂપ કરે છે. પછી મહારાજ દેહને કાઢી દેહના સ્થાને પોતે આવી બિરાજી જાય છે. એટલે આત્માનું સ્વરૂપ પણ મૂર્તિ ને રૂપ પણ મૂર્તિ. આત્માને અહીં કેવળ કૃપા કરીને દેહથી નોખો કરી નાખ્યો. માયિક નિરાકાર આત્માને મોટાપુરુષે વર્તમાન ધરાવી મહારાજ જેવો સદા સાકાર ને દિવ્ય કર્યો. હવે તે દેહ નથી કે માયિક–નિરાકાર આત્મા પણ નથી. પણ તે આત્મા મૂર્તિરૂપ દિવ્ય સાકાર સ્વરૂપ છે અર્થાત્ અનાદિમુક્ત છે.

મહારાજે આત્માને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં જ રાખ્યો છે. આત્માને મહારાજે પોતા જેવો સાકાર કર્યો પણ આત્મા ક્યાંક રહેવા ટેવાયેલો છે. માટે મહારાજે એને નિરાધાર ન રાખ્યો. દેહ પાડી દીધો પછી પોતા જેવો કરી પોતાની મૂર્તિમાં રાખ્યો. ને દેહના સ્થાને પોતે પધારી ગયા. આમ, મહારાજે અહીં વસ્તુ બે ને દેખાવ એક એવો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત આપી આત્માને અંતિમ સુખની પદવી આપી દીધી. આ વાતનું નિરંતર અનુસંધાન રાખીએ કે મને (આત્માને) મૂર્તિરૂપ કર્યો છે ને પરભાવમાં છે તે જ મહારાજ દેહના સ્થાને સ્વયં આવીને બિરાજ્યા છે. બસ, ‘હું મૂર્તિરૂપ છું ને મૂર્તિમાં જ છું.’ આ અખંડ અનુસંધાન રહેવું જોઈએ.

(૪) મહારાજ જ છે, મહારાજ જ છે એ ભાવમાં આવવું

આત્માને મહારાજે નિજરૂપ આપ્યું ને પોતાની મૂર્તિમાં રાખી લીધો. હવે અનાદિમુક્તનો દેખાવ–રૂપ એકમાત્ર મહારાજ જ રહ્યા. આ કૃપાને લીધે અનાદિમુક્તને નિરંતર મહારાજ સિવાય કંઈ જ ન રહ્યું. બસ, અત્ર, તત્ર, સર્વત્ર ને સદાકાળ મહારાજ જ રહ્યા. મહારાજે કૃપા કરી તદ્રૂપ કર્યો, તલ્લીન કર્યો ને એકમેક–ઓતપ્રોત કર્યો. હવે અનાદિમુક્ત માટે મહારાજ સિવાય કશું જ ન રહ્યું. આ બધી પ્રોસીજર મહારાજે મોટાને નિમિત્ત કરી પૂર્ણ કરી દીધી છે. હવે અનાદિમુક્ત તરીકે આપણે અખંડ એનું જાણપણું રાખવાનું છે. ભૂલેચ આ કરુણા પ્રક્રિયાની અવગણના ના કરવી. મહારાજના ભાવમાં રહેવું. ચાલે છે કોણ ? મહારાજ. બોલે છે કોણ ? મહારાજ. મહારાજ સિવાય કંઈ મહારાજે રાખ્યું નથી તો આપણે પણ ‘મોરબી ગામનો; રમેશનો પિતા’ આવા અવરભાવનાં લફરાં ન રાખીએ. હવે બસ, મૂર્તિમાં રહીને મૂર્તિને જોઈ મહારાજ જ છે એ ભાવ અતિ દૃઢ કરીએ.

(૫) અકર્તા બનીને મહારાજને કર્તા કરવા

અનાદિમુક્ત મૂર્તિમાં ફિટ છે. એ બોલી ન શકે, ચાલી ન શકે, જોઈ ન શકે. કારણ, એના સંપૂર્ણ કર્તા મહારાજ બન્યા. જેમ ગાડીમાં બેઠા પછી વ્યક્તિ દોડી ન શકે કે ચાલી પણ ન શકે તેમ મહારાજે પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખ્યો એટલે કશું કરવાનું ન રહ્યું. બસ, સુખ જ લેવાનું રહ્યું. મહારાજ ચાલવાની કે બોલવાની, લખવાની કે વાંચવાની ક્રિયા કરે ત્યારે સાક્ષી ભાવે મહારાજને જોયા કરવા પણ ક્યારેય ધણી ન થવું. ધણી થઈશું તોપણ કર્તા મહારાજ જ છે. આપણું ધાર્યું થતું નથી. માટે નિરંતર અકર્તા બની મહારાજના સુખથી ભરાઈએ. કારણ સત્સંગમાં ગુરુજીએ આપેલ પ્રતિલોમયાત્રાનું પદ્ય સંસ્કરણ એટલે આ પ્રાર્થના. ગુરુજીએ આ પ્રાર્થના મુખપાઠ કરવાનો તેમજ નિત્ય પૂજામાં કરવાનો આગ્રહ સત્સંગ સમાજ વિષે સેવ્યો છે. આ પ્રાર્થના મુખપાઠ કરવાથી નિરંતર પ્રાર્થના કરી શકાય ને મહારાજમય બની શકાય.

હે પ્રભુ ! અનાદિકાળથી અનાદિમુક્ત જ છું, મૂર્તિમાં જ છું. એ મારી વાસ્તવિકતા છે. એનો અખંડ દૃઢાવ કરાવો. ‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું.’ આ પંક્તિ બોલતાં પૂર્વે ઉપરોક્ત પાંચ પ્રોસીજર અચૂક જીવનમાં વણાઈ જાય એવી દયા કરો. આપે મને મુક્ત કર્યો છે એનું અખંડ અનુસંધાન રાખી શકું ને મૂર્તિસુખભોક્તા બની શકું એવી દયા કરો, દયા કરો ને કરો.

આ પ્રાર્થનાના દરેક અંતરામાં રહેલ ગલિતાર્થ વિશેષાંકના વિભિન્ન લેખ રૂપે સમજી, મૂર્તિસુખભોક્તા બનીએ...


## સંત શિબિર

- ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સંપૂર્ણ નિયમ-ધર્મના પાલક સંતોની સેવા એટલે સ્વયં ભગવાનની સેવા.
- સંત જમે તે ભેળો હું જમું રે, સંત વાત ભેળી કરું વાત રે.
- સંસ્થાના તમામ પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોને એકસાથે જમાડવાનો અણમોલ લાભ.

તા. ૧૬-૧-૨૦૨૫થી તા. ૧-૨-૨૦૨૫

**ખાસ નોંધ :** એસ.એમ.વી.એસ.ના તમામ મંદિરોમાં આ સેવા નોંધાવી શકાય છે. સંસ્થાની વેબસાઈટ **SMVS**.org પરથી ડોનેશન સેક્શનમાં જઈ ઑનલાઇન રસોઈ સેવા નોંધાવી શકાય છે.

**સેવાની વિગત : સંસ્થાના તમામ પૂ. સંતોને રસોઈ – ૨૫૦૦/– ● સંસ્થાના તમામ પૂ. મહિલા ત્યાગીમુક્તોને રસોઈ – ૨૫૦૦/–**

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**



**મૂ. નિ. રાવજીભાઈ શિવાભાઈ જાદવ, ઉંમર વર્ષ-૬૭, વડોદરા; તા. ૧૧-૧૧-૨૪ :** વડોદરા સેન્ટરના ઘરધણી સ્ટાફ મુક્ત રાવજીભાઈ જાદવ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ વર્ષો સુધી વડોદરા મંદિરે સલામતી વિભાગ તેમજ રસોડા વિભાગ ઉપરાંત નાની-મોટી નીચી ટેલની તમામ સેવા ઉપાડી લઈ, પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવી રાજીપો કમાયા હતા.



**મૂ. નિ. મણિભાઈ ધીરાજી ખાંટ, ઉંમર વર્ષ-૭૬, કોયલિયા (માલપુર); તા. ૧૮-૧૧-૨૪ :** માલપુર સેન્ટરના ઘરધણી મુક્ત મણિભાઈ ખાંટ મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. ગુરુદેવ તથા ગુરુજીની આજ્ઞાથી છેલ્લા ૨૫ વર્ષથી તેઓ માલપુર મંદિરે પૂજારીની સેવા બજાવી રહ્યા હતા. છેલ્લા ૨૫ વર્ષથી વધુ સમયથી તેઓ ઠાકોરજીની તેમજ મંદિરની નાની-મોટી તમામ સેવા ઉપાડી લઈ પૂ. સંતોને નિશ્ચિંત કરી રાજીપો કમાયા હતા.



**મૂ. નિ. જીવરાજભાઈ લવજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૮, ઇસનપુર; તા. ૨૧-૧૧-૨૪ :** ઈસનપુર સેન્ટરના ઘરધણી મુક્ત જીવરાજભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીની આજ્ઞાથી વાસણા મંદિરે ૨૦ વર્ષ સુધી સ્ટાફ સભ્ય તરીકે સેવા બજાવી ખૂબ રાજીપો કમાયા છે. તેઓના દીકરા અશોકભાઈ તથા પૌત્ર હિરેનભાઈ પણ એ જ સેવાનો વારસો આગળ વધારી રાજીપો લઈ રહ્યા છે.



**મૂ. નિ. રાજેન્દ્રભાઈ જયંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૮, ઘાટલોડિયા; તા. ૨૮-૧૧-૨૪ :** ઘાટલોડિયા મંદિરે અકાઉન્ટની સેવા બજાવી રહેલા ઘરધણી મુક્ત રાજેન્દ્રભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ પૂ. સંતોના વચને ખંતપૂર્વક સેવા બજાવી રાજીપાના પાત્ર બન્યા હતા. તેઓના દીકરા મનનભાઈ પણ કેનેડામાં પૂ. સંતોના વચને સેવા નિભાવી રાજીપો કમાઈ રહ્યા છે.

**મૂ. નિ. ભૂપેન્દ્રભાઈ ધરણીધરભાઈ અબાસણા, ઉંમર વર્ષ-૬૭, ઇસનપુર; તા. ૩૦-૧૧-૨૪ :** ઈસનપુર સેન્ટરના ઘરધણી મુક્ત ભૂપેન્દ્રભાઈ અબાસણા મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ ગુરુદેવ તથા ગુરુજીના વચનમાં અતિ વિશ્વાસનું અંગ ધરાવતા. વર્ષો સુધી ઈસનપુર મંદિરે ઠાકોરજીના થાળ બનાવવાની સેવાનો લાભ તેઓના પરિવારે લીધેલ હતો. તેઓ મૃદુ અને સરળ સ્વભાવે નીચી ટેલની સેવા કરી ગુરુદેવ અને ગુરુજીનો અંતરનો રાજીપો કમાયા હતા. તેઓનાં દીકરી ભક્તિનિવાસમાં સમર્પિત થઈ રાજીપો કમાઈ રહ્યાં છે. મહારાજ અને મોટાના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના દીકરા ગિરીશભાઈ તથા મયૂરભાઈને સત્સંગનું ને સમજણનું ખૂબ ખૂબ બળ આપે.





**મૂ. નિ. કમલેશભાઈ ભાઈલાલભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૮, બરિયફ; તા. ૨-૧૨-૨૪ :** બરિયફ સેન્ટરમાં સક્રિય કાર્યકર તરીકે સેવા નિભાવી રહેલા કમલેશભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓના પરિવારમાંથી સંસ્થામાં પૂ. નિર્માનસ્વામીની ભેટ મળેલ છે. તેઓના ભાઈ અનિલભાઈ સત્સંગનું તથા સમજણનું બળ રાખી રાજીપો કમાઈ રહ્યા છે.



**મૂ. નિ. ગોરધનભાઈ રેવાભાઈ એરણિયા, ઉંમર વર્ષ-૬૦, નવસારી; તા. ૧૪-૧૨-૨૪ :** નવસારી મંડળમાં પાયાની ઈંટ તરીકે સેવા બજાવી રહેલા, સક્રિય કાર્યકર તરીકે સેવા નિભાવી રહેલા ગોરધનભાઈ એરણિયા શ્રીજીમહારાજની મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ પૂ. સંતોની આજ્ઞાથી નાની-મોટી તમામ સેવા બજાવી રાજીપો કમાયા હતા. તેઓના દીકરા પ્રકાશભાઈ તથા ભાઈ કાનજીભાઈને મહારાજ સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ. નિ. ભાસ્કરભાઈ દલસુખભાઈ કોટક, ઉંમર વર્ષ-૬૭, ઘાટલોડિયા; તા. ૧૧-૧૨-૨૪**

**મૂ. નિ. હેમલતાબેન ધીરુભાઈ ડોબરિયા, ઉંમર વર્ષ-૭૧, ઘાટલોડિયા; ૨૨-૧૧-૨૪**

**મૂ. નિ. રમાબેન નરભેરામભાઈ છત્રોલા, ઉંમર વર્ષ-૮૮, સેટેલાઇટ; ૧૪-૧૨-૨૪**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૪) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : મહેસાણા (૫-૮) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : સુરત

Ghanshyam, January-2025. Published on 10-01-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

# SMVS APP

## ONE STOP ONE SOLUTION

Categorize Search

Personalized Library

Quick Access




**DOWNLOAD NOW**

SCAN ME

App Store

SCAN ME

Play Store

## WHY CHOOSE THIS APP ?

- અત્યાધુનિક ટેકનૉલોજીના યુગમાં આપણા પરિવારને હૅપી ફૅમિલિ બનાવવા અંગેનું માર્ગદર્શન.
- નિત્યનિયમ, દર્શન, આહ્‌નિક, વ્હાલા ગુરુજીની દિવ્યવાણી, ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ, ટેલિફિલ્મો, સંસ્થાકીય પ્રોગ્રામોની માહિતી, મેડિટેશન ટ્રૅક, ડેઇલી ક્વૉટ્સ અને બીજું ઘણુંબધું.
- આહ્‌નિક, નિત્ય દર્શન, કથાવાર્તા-શોટ્‌ર્સ, ઉત્સવ-સમૈયા, જીવનોપયોગી ટેલિફિલ્મ્સ, વ્હાલા ગુરુજીનું વિચરણ.